| | |
|---|---|
| દાખલ તારીખ | 08-01-2016 |
| રજીસ્ટર તારીખ | 08-01-2016 |
| ફેંસલ તારીખ | 29-07-2026 |
| સમયગાળો | વર્ષ – માસ – દિવસ |
| | 10 –06 – 21 |
| **Exh.** | 310 |

સત્યમેવ જયતે

---

**નામદાર ચોથા અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,**
**ભુજ–કચ્છ.**

---

**સેશન્સ કેસ નં.૨ સને ૨૦૧૬**

<u>**ફોર્મ – '' એ ''**</u>

| **નામદાર ચોથા અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, ભુજ–કચ્છ.** | |
|---|---|
| ચુકાદા તારીખ | **તારીખ ૨૯/૦૭/૨૦૨૬** |
| ફોજદારી કેસ સંખ્યા | **૨ સને ૨૦૧૬** |
| ગુન્હાની વિગત | |
| ગુન્હાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯,૩૦૨,૩૨૩,૩૨૪,૩૩૭,૫૦૪ મુજબ. |
| પ્રથમ માહિતિ અહેવાલ સંખ્યા | મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૮/૨૦૧૫ |
| પોલીસ સ્ટેશન | મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશન |
| **ફરિયાદી** | **શ્રી સરકાર તરફે ફરિયાદી– ઓસમાણ અયુબ જુણેજા** |
| ફરિયાદપક્ષ તરફે | **શ્રી એસ.એ.મહેશ્વરી.** |

| | | |
|---|---|---|
| પ્રતિનિધિત્વ કરનાર વિ.મદદનીશ સરકારી વકીલ | | |
| **આરોપીઓ** | | **(૧) સાલેમામદ અલીમામદ સાંધ**<br>ઉ.વ.૬૦,ધંધો–મજુરી<br>**(૨) અબ્દ્રેમાન અલીમામદ સાંધ**<br>ઉ.વ.૪૦,ધંધો–રીક્ષા ડ્રાઈવીંગ<br>**(૩) ગુલામ આદમ અબ્દુલા સાંધ**<br>ઉ.વ.૩૧,ધંધો–મજુરી<br>**(૪) જાકબ આમદ સાંધ**<br>(ચાલતા કામે ગુજરી જતા એબેટ કરવામાં આવેલ છે.)<br>**(૫) કાસમ આમદ સાંધ**<br>ઉ.વ.૩૧,ધંધો–મજુરી<br>રહે.બધા ગામ–સાડાઉ,<br>તા.મુન્દ્રા–કચ્છ. |
| આરોપીઓ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલશ્રી | | **આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી આર.એસ. ગઢવી.** |

<u>ફોર્મ–''બી''</u>

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૪/૦૬/૨૦૧૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૫/૦૬/૨૦૧૫ |
| આખરી અહેવાલની તારીખ | ૧૬/૦૯/૨૦૧૫ |
| ત્હોમતનામુ ઘડયાની તારીખ | ૧૬/૦૬/૨૦૧૭ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૩૦/૧૧/૨૦૧૮ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે,તે તારીખ | ૨૨/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૯/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ,જો કોઇ હોય તો | ––– |

## આરોપીઓની વિગત

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુન્હાનો આરોપ મુકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં.કલમ –૪૨૮ નાં હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **સાલેમામદ અલીમામદ સાંધ** | ૨૬/૦૬/૨૦૧૫ | ૧૬/૧૦/૨૦૧૭ | આઇ.પી.સી. કલમ–૧૪૩, ૧૪૭,૧૪૮, ૧૪૯,૩૦૨, ૩૨૩,૩૨૪, ૩૩૭,૫૦૪ | આખરી હુકમ મુજબ | –– | – |
| ૨ | **અબ્દ્રેમાન અલીમામદ સાંધ** | ૨૬/૦૬/૨૦૧૫ | ૨૮/૦૧/૨૦૧૬ | ઉપર મુજબ | આખરી હુકમ મુજબ | –– | – |
| ૩ | **ગુલામ આદમ અબ્દુલા સાંધ** | ૨૬/૦૬/૨૦૧૫ | ૧૨/૦૧/૨૦૧૬ | ઉપર મુજબ | આખરી હુકમ મુજબ | –– | – |
| ૪. | **જાકબ આમદ સાંધ (એબેટ કરવામાં આવેલ છે.)** | ––––– | –––––– | –––––– | ––– | | |
| ૫ | **કાસમ આમદ સાંધ** | ૨૬/૦૬/૨૦૧૫ | ૨૮/૦૧/૨૦૧૬ | ઉપર મુજબ | આખરી હુકમ મુજબ | | |

## ફોર્મ–સી

(એ) ફરિયાદપક્ષે તેમના કેસનાં સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલ છે.

| સાહેદ નંબર | આંક | સાહેદનાં નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૯૨ | ઓસ્માણ અયુબ જુણેજા | ફરિયાદી |
| ૨ | ૯૭ | હુશેન ઓસમાણ કુંભાર | પંચસાહેદ |
| ૩ | ૯૯ | ગોવિંદ નાગશી મહેશ્વરી | પંચસાહેદ |
| ૪ | ૧૧૧ | અબ્દુલ અલારખ્ખા ખલીફા | પંચસાહેદ |
| ૫ | ૧૧૬ | સિકંદર અભુ શેખ | પંચસાહેદ |
| ૬ | ૧૨૦ | ગની ફકીરમામદ જુણેજા | પંચસાહેદ |
| ૭ | ૧૩૨ | મહમદરફીક ઓસમાણ જુણેજા | પંચસાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૮ | ૧૩૫ | જાકબ સાલેમામદ કુંભાર | પંચસાહેદ |
| ૯ | ૧૩૭ | ફકીરમામદ બુઢા શેખ | પંચસાહેદ |
| ૧૦ | ૧૪૩ | ફારૂક ફકીરમામદ જુણેજા | પંચસાહેદ |
| ૧૧ | ૧૪૭ | હરી વિરમ ગોહિલ | પંચસાહેદ |
| ૧૨ | ૧૫૫ | મનોજ વાલજી ધુઆ | પંચસાહેદ |
| ૧૩ | ૧૬૧ | રજબઅલી ફકીરમામદ જુણેજા | સાહેદ |
| ૧૪ | ૧૬૩ | અઝીજ હાજી જુણેજા | સાહેદ |
| ૧૫ | ૧૬૭ | સોમાભાઇ સેધાભાઇ સેનમા | સાહેદ |
| ૧૬ | ૧૭૧ | ડો.જખુભાઇ અચુભાઇ ધુઆ | મેડીકલ ઓફીસર |
| ૧૭ | ૧૮૪ | કનૈયાલાલ રામજીભાઇ ફફલ | પોલીસ સાહેદ |
| ૧૮ | ૨૫૭ | મરીયમબાઇ મામદ જુણેજા | સાહેદ |
| ૧૯ | ૨૭૨ | સફીર ઓસમાણ જુણેજા | સાહેદ |
| ૨૦ | ૨૯૯ | સકીનાબાઇ ઓસમાણ જુણેજા | સાહેદ |

(એ) ફરિયાદપક્ષે તેમના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| અનુક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૯૩ | અસલ ફરિયાદ |
| ૨ | ૯૮ | ઇન્કવેસ્ટ પંચનામુ |
| ૩ | ૧૦૦ | સ્થાનિક જગ્યાનું પંચનામુ |
| ૪ | ૧૦૧ થી ૧૧૦ | પંચસ્લીપો |
| ૫ | ૧૧૭ | સાહેદોનાં કપડા કબ્જે કર્યાનું પંચનામુ |
| ૬ | ૧૧૮ અને | પંચસ્લીપ |

| | | |
|---|---|---|
| | ૧૧૯ | |
| ૭ | ૧૨૧ | અટક પંચનામુ |
| ૮ | ૧૨૨ થી ૧૨૬ | પંચસ્લીપો |
| ૯ | ૧૩૩ | મરણ જનારનાં કપડા કબ્જે કર્યાનું પંચનામુ |
| ૧૦ | ૧૩૬ | અટક પંચનામુ |
| ૧૧ | ૧૩૮ | આરોપીઓએ બનાવ સમયે પહેરેલ કપડા અને બનાવમાં ઉપયોગમાં લીધેલ હથિયારો કબ્જે કર્યાનું પંચનામુ |
| ૧૨ | ૧૩૯ થી ૧૪૨ | પંચસ્લીપો |
| ૧૩ | ૧૪૪ | ડિસ્કવરી પંચનામુ |
| ૧૪ | ૧૪૫ | પંચસ્લીપ |
| ૧૫ | ૧૪૮ | સાહેદો અને આરોપીઓનાં બ્લડ સેમ્પલ કબ્જે કર્યાનું પંચનામુ |
| ૧૬ | ૧૬૮ | સ્થાનિક નકશો તૈયાર કરવા કરેલ યાદી |
| ૧૭ | ૧૬૯ | મામલતદારશ્રીએ સ્થાનિક જગ્યાનો નકશો તૈયાર કરી મોકલાવેલ તે અંગેનો ફોરવર્ડીંગ લેટર |
| ૧૮ | ૧૭૦ | સ્થાનિક જગ્યાનો નકશો |
| ૧૯ | ૧૭૨ | યાદી |
| ૨૦ | ૧૭૩ | પી.એમ.નોટ |
| ૨૧ | ૧૭૪ | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ |
| ૨૨ | ૧૭૫ | મરણોતર ફોર્મ |
| ૨૩ | ૧૭૬ | મરણ જનારનું બ્લડ સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલ્યા અંગેનો ફોરવર્ડીંગ લેટર |
| ૨૪ | ૧૭૭ અને ૧૭૮ | એમ.એલ.સી.સર્ટીફીકેટસ |
| ૨૫ | ૧૭૯ | ફોરવર્ડીંગ લેટર્સ |

| | | |
|---|---|---|
| | અને ૧૮૦ | |
| ૨૬ | ૧૮૧ | મરણ જનારનાં બ્લડ સેમપલ મોકલ્યા અંગેની યાદી |
| ૨૭ | ૧૮૨ | આરોપીઓનાં બ્લડ સેમ્પલ મોકલ્યા અંગેની યાદી |

-// **<u>ચુકાદો</u>** //-

(૧) સદરહુ સેશન્સ કેસ મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૮/૨૦૧૫ થી દાખલ થયેલ તેની તપાસ બાદ સબંધિત તપાસ કરનાર અમલદાર ધ્વારા કરવામાં આવેલ ચાર્જશીટ રજુ થતા અત્રેની અદાલત સમક્ષ કમીટ થઇ આવતા ઉપિસ્થત થયેલો છે.

(૨) **<u>ફરિયાદપક્ષનાં કેસની વિગત:</u>**

(૨.૧) આ કામનાં ફરિયાદી ઓસમાણ અયુબભાઇ જુણેજા,ઉ.વ.૫૦, ધંધો-મજુરી,રહે.સાડાઉ,તા.મુન્દ્રા ધ્વારા મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશનનાં પોલીસ સબ ઇન્સપેકર શ્રી.કે.બી.ઝાલા સમક્ષ એ મતલબની ફરિયાદ હકીકત જાહેર કરેલી કે તેઓ મુન્દ્રા તાલુકાનાં સાડાઉ ગામ મધ્યે રહે છે અને મજુરીકામ કરે છે,તેમને સંતાનમાં પાંચ દિકરા છે,જેમાં સૌથી મોટો સિદિક, ઉ.વ.૩૨,તથા તેનાથી નાનો સિકંદર તથા શફીર,રસીદ અને હમીદ એ રીતનાં પરિવાર સાથે રહે છે.

(૨.૨) તા:-૨૪/૦૬/૨૦૧૫ નાં રાત્રીનાં આશરે અગીયાર વાગ્યાનાં સુમારે તેઓ તથા તેમનો દિકરો સિદિક તથા તેમનો ભત્રીજો અજીઝ હાજી જુણેજા તથા તેમનો કુટુંબી ભત્રીજો રજબઅલી ફકીરમામદ જુણેજા બધા તેમના ઘરની બાજુમાં આવેલ રહેમત મસ્જીદમાં નમાઝ પઢવા ગયેલ હતા અને નમાઝ પઢીને મસ્જીદની બહાર નીકળતા હતા ત્યારે રસ્તા પર તેમના ગામનાં જાકબ આમદ સાંધ હાથમાં છરી લઇને તથા સાલેમામદ અલીસમામદ સાંધ હાથમાં છરી લઇને તથા ગુલામ આદમ સાંધ હાથમાં ધોકો રાખી તથા

અબ્દ્રેમાન અલીમામદ સાંધ હાથમાં ધોકો લઇને તથા કાસમ આમદ સાંધ હાથમાં ધોકો લઇને બધા ઉભેલ હતા અને જાકબ આમદે તેઓને ગાળો આપી મોટા અવાજે રાડ કરીને કહેલ કે,'' આજે કોઇ જીવતા ન જવા જોઇએ નાલાયકોને મારો '' તેમ કહેતા આ પાંચેય માણસો તેમના ઉપર માર મારવા તુટી પડેલા,જેમાં જાકબ આમદે તેનાં હાથમાંની છરીથી તેમના ભત્રીજા અજીઝને ડાબી આંખથી ઉપરનાં ભાગે ઘા મારેલો અને તે વખતે આ જાકબ તથા કાસમ આમદ તથા અબ્દ્રેમાન અલીમામદ એમ ત્રણેય જણાંએ તેમના દિકરા સિદિકને પકડેલો અને આ વખતે સાલેમામદે તેની પાસેની છરીનો ઘા તેમના દિકરા સિદિકને કમરની ઉપરનાં ભાગે પાછળનાં જમણા પડખામાં મારેલો અન આ વખતે તેમની સાથેનાં રજબઅલીને માથાની પાછળનાં ભાગે ગુલામે તેનાં હાથમાંનો ધોકો મારેલ જેથી રાડોરાડ થતા તેમના ફળિયામાંથી બાઇ–માણસો પણ આવી ગયેલા,જેમાં તેમના દિકરા સિધિકની ઘરવાળી અમીનાબાઇ તથા તેમની ઘરવાળી સકીનાબાઇ તથા તેમના ભત્રીજા અજીજની ઘરવાળી નરગીસ તથા મરીયમબાઇ મામદભાઇ જુણેજા વિગેરે ઘણીબધી બાઇઓ પહોંચી આવતા અને આ વખતે સામાવાળા બધા તેઓની પાસેનાં ધોકાથી આડેધડ જેમ ફાવે તેમ ધોકા મારતા હતા અને તે પછી તેમના બધા ઉપર પાણાનાં ઘા પણ મારતા હતા,જેમાં ઘણાબધાને વાગેલુ છે અને તે પછી ઘણાબધા માણસો ભેગા થઇ જતા આ સામાવાળા ત્યાંથી ભાગી ગયેલા અને તેમના છોકરા સિદિક તથા ભત્રીજા અજીઝ હાજી તથા રજબઅલી ફકીરમામદ બધાને લઇને તેઓ ૧૦૮ માં મુન્દ્રા સરકારી દવાખાને લઇ આવેલા અને તે વખતે ડોકટર સાહેબે ચેક કરી તેમના દિકરા સિદિકને મરણ જાહેર કરેલુ અને બાકીનાને સારવાર આપવાનું ચાલુ કરેલ હતુ.

આ બનાવનું કારણ એ છે કે દોઢેક વર્ષ ઉપર તેમના ભત્રીજા અજીઝ હાજી સાથે અબ્દ્રેમાનની ઘરવાળી સાથે ઝઘડો થયેલ ત્યારથી મનદુ:ખ ચાલ્યુ આવે છે તે પછી તા:–૨૩/૬/૨૦૧૫ નાં રાત્રીનાં સાડા–દશ અગીયાર વાગ્યાનાં અરસામાં આજ મસ્જિદમાં બધા નમાઝ પઢવા ભેગા

થયેલા ત્યારે નાના બાળકો ગાળો બોલતા હતા ત્યારે તેમના નાના દિકરા હમીદે ગાળો નહી બોલવા માટે ઠપકો આપતા તેનું મનદુ:ખ રાખી બધા સામાવાળાઓએ તેમના દિકરા સિદિકનું ખૂન કરી તથા તેમના ભત્રીજાઓ અઝીઝ તથા રજબઅલીને માર મારી ઈજાઓ કરી પથ્થરોનાં છુટા ઘા કરીને બીજા ઘણાબધાને ઈજાઓ કરી ગુન્હો કરેલ.

**<u>ચાર્જશીટ તથા કમીટ અંગેની કાર્યવાહી</u>**

(૩) ઉપરોકત વિગતવારની ફરિયાદ મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશનનાં પોલીસ સબ ઈન્સપેકટર શ્રી કે.બી.ઝાલાએ ફરિયાદીનાં લખાવ્યા મુજબ નોંધેલ અને ત્યારબાદ પોલીસ સ્ટેશનનાં ફરજ પરનાં પી.એસ.ઓ.ને દાખલ કરવા આપેલ અને સદર ફરિયાદનાં આધારે પી.એસ. ઓ.એ ગુન્હો દાખલ કરી ગુન્હાની તપાસ તેઓને સોંપતા તેઓએ મરણ જનારની લાશને ઈન્કવેસ્ટ કરવા મામલતદાર શ્રી,ભુજને યાદી લખેલી,જેનાં આધારે ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ,સાહેદોનાં નિવેદનો લીધેલા,મરણ જનારની લાશને ડોકટરશ્રી ધ્વારા પી.એમ.કરવા માટે યાદી કરેલી, આરોપીઓને અટક કરેલા અને આરોપીઓએ બનાવ સમયે પહેરેલ કપડા કબ્જે કરવામાં આવેલા, મરણ જનારનાં કપડા,બ્લડ સેમ્પલ તથા આરોપીઓનાં કપડા અને બનાવમાં ઉપયોગમાં લીધેલ હથિયારો પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ, અને આરોપીઓ સામે ચાર્જશીટ કરવા જેટલા પુરતા પુરાવા હોઈ નામદાર કોર્ટમાં ભારતીય દંડ સંહિતાની કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૨,૩૨૩, ૩૨૪,૩૩૭,૫૦૪ મુજબનાં ગુન્હાનું ચાર્જશીટ વિ. જયુડીશીયલ મેજિસ્ટ્રેટ (ફ.ક.),મુન્દ્રા-કચ્છની અદાલતમાં રજુ કરેલ, જે મુન્દ્રા કોર્ટનાં ફોજદારી કેસ રજીસ્ટરે ફોજદારી કેસ નં.૧૦૨૫/૨૦૧૫ થી નોંધવામાં આવેલ.

(૩.૧) આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ.ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધનાં ગુન્હાની કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર સેશન્સ અદાલતને હોવાથી વિ.

જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ(ફ.ક.),મુનદ્રા–કચ્છનાંઓ ધ્વારા સદર કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ અન્વયે તા:–૨૯/૧૨/૨૦૧૫ નાં હુકમથી સેશન્સ અદાલતમાં કમીટ કરવાનો હુકમ કરવામાં આવતા સદર કેસ સેશન્સ કેસ નં.૨/૨૦૧૬ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

**<u>ચાર્જફ્રેમ</u>**

(૪) ત્યારબાદ આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા આરોપીઓ –ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ ની જોગવાઈ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આંક:–૩૯ થી આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૨,૩૨૩,૩૨૪,૩૩૭,૫૦૪ મુજબનાં ગુન્હાઓનું ત્હોમતનામું ફરમાવી વાંચી સંભળાવી અનુક્રમે આંક:–૪૦ થી ૪૪ સુધી આરોપીઓનું નિવેદન લેવામાં આવેલ અને આરોપીઓ ધ્વારા ગુન્હાનો ઈન્કાર કરી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલી.

(૫) ત્યારબાદ આ કામે ઉપરોકત ફોર્મ–સી મુજબનાં સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ આંક:–૩૦૫ થી ડ્રોપ પુરશીશ અને આંક:–૩૦૪ થી પુરાવો પુરો થયાની પુરશીશ રજુ કરેલ છે.

**<u>ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયેનું આરોપીઓનું વિશેષ નિવેદન</u>**

(૬) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલુ.જેમાં આરોપીઓ ધ્વારા ફરિયાદપક્ષનો પુરાવો તેમની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકત સ્વીકારી, બાકીનાં ફરિયાદપક્ષનાં તેઓ વિરૂધ્ધનાં અન્ય પુરાવાની હકીકત અંગે પંચનામા ખોટા હોવાનું,ખોટી વાત હોવાનું ,માહિતી ન હોવાનું,ફરિયાદ ખોટી

આપેલ હોવાનું તથા ખોટી તપાસ હોવાનું જણાવી સોગંદ ઉપર જુબાની આપવા તથા બચાવનાં સાહેદો તપાસવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે,તેઓએ કોઇ ગુન્હો કરેલ નથી,તેઓ નિર્દોષ છે,જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**<u>ફરિયાદપક્ષની દલીલ:–</u>**

(૭) સદર કામમાં વિ.એ.પી.પી.શ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯,૩૦૨,૩૨૩,૩૨૪,૩૩૭,૫૦૪ મુજબનો ગુન્હો કરેલ હોવાનો ફરિયાદપક્ષનો કેસ છે.આ કામે ફરિયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે જુદા–જુદા વીસ સાહેદોને તપાસવામાં આવેલા છે તેમજ જરૂરી દસ્તાવેજી આધારો પણ રજુ રાખેલા છે.વધુમાં આ કામે બનાવનાં મહત્વનાં સાહેદોએ ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ છે તથા સાંયોગિક પુરાવાથી ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળે છે.જેથી આરોપીઓને સજા ફરમાવવા અરજ કરેલ છે.

**<u>બચાવપક્ષની દલીલ:–</u>**

(૮) સદર કામમાં આરોપીઓનાં વિ.વકીલ શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯,૩૦૨,૩૨૩,૩૨૪,૩૩૭,૫૦૪ મુજબનાં ગુન્હાનું તહોમત છે. પંચસાહેદોએ ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી તેમજ આ કામે જે સાંયોગિક પુરાવો રજુ કરેલ છે તેનાથી આરોપીઓએ ભેગા મળી એકસંપ થઇ ગેરકાયદેસર મંડળી રચી તીક્ષણ હથિયારો ધારણ કરી આરોપીઓ નં.(૨) થી (૪) નાંઓએ મરણ જનાર સિધિકને પકડી રાખી અને આરોપી નં.(૧) વાળાએ મરણ જનાર સિધિકનાં કમરથી ઉપરનાં ભાગે પીઠ પર જમણા પડખામાં છરીનો ઘા મારી ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી અને આરોપી

નં.(૨) વાળાએ સાહેદ અજીજને છરી આંખનાં ઉપરનાં ભાગે મારી વ્યથા કરી તથા આરોપી નં.(૫) વાળાએ સાહેદ રજબઅલીને ધોકાથી માથાનાં ભાગે માર મારી વ્યથા જેવી ઈજાઓ તથા આરોપીઓ ફરિયાદી તથા સાહેદોને છુટા પથ્થરનાં ઘા મારી ઓછીવતી ઈજાઓ કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી.આ કામે મહત્વનાં પંચસાહેદોએ ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ ન હોઇ તેમજ સાંયોગિક પુરાવા પણ ફરિયાદપક્ષને મદદરૂપ થતા ન હોઈ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલી છે.

(૯) આ કેસનાં ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદાઓ:-</u>**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે આ કામે મરણ જનાર સિધિકનું નિપજેલ મૃત્યુ સાપરાધ મનુષ્ય વધ છે ?

(૨) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,તારીખ ૨૪/૦૬/૨૦૨૫ નાં રોજ કલાક ૨૩.૧૫ વાગ્યાનાં સુમારે મુન્દ્રા તાલુકનાં સાડાઉ ગામે રહેમત મસ્જિદની બાજુમાં આ કામનાં ફરિયાદીનાં દિકરા સાહેદ હમીદે મસ્જિદમાં નાના છોકરાઓને ગાળો નહી બોલવા ઠપકો આપેલાનું મનદુ:ખ રાખી આરોપીઓએ ભેગા મળી એકસંપ થઇ ગેરકાયદેસર મંડળી રચી તીક્ષ્ણ હથિયારો ધારણ કરી આરોપીઓ નં.(૨) થી (૪) વાળાઓએ મરણ જનાર સિધિકને પકડી રાખેલ અને આરોપી નં.(૧) નાંએ મરણ જનાર સિધિકને કમરથી ઉપરનાં ભાગે પીઠમાં જમણ પડખામાં છરીનો ઘા મારી ગંભીર પ્રકારની ઈજાઓ કરી મોત નિપજાવેલ અને આરોપી નં.(૨) વાળાએ સાહેદ અઝીજને આંખનાં ઉપરનાં ભાગે માર મારી ઈજાઓ કરી

તેમજ આરોપીઓએ ફરિયાદી તથા સાહેદોને બિભત્સ ગાળો આપી છુટા પથ્થરોનાં ઘા મારી ઓછીવતી ઈજાઓ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯, ૩૦૨,૩૨૩,૩૨૪,૩૩૭,૫૦૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલો છે ?

(૩) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદાઓ પરત્વેનાં મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**<u>નિર્ણયો:–</u>**

(૧) હકારમા.

(૨) નકારમા.

(૩) આખરી હુકમ મુજબ.

**::– <u>કારણો</u> ::–**

**<u>મુદા નંબર(૧) ની ચર્ચા:–</u>**

(૧૧) આ કામે મરણ જનાર સિધિક ઓસ્માણ જુણેજાનું મૃત્યુ થયા બાદ તેનું પી.એમ.કરનાર ડો.જખુભાઈ અચુભાઈ ધુઆની આંક:–૧૭૧ ની જુબાની વંચાણે લેવામાં આવે તો આ કામે મરણ જનારનું મૃત્યુ સ્ટેબ ઈન્જરીનાં કારણે ખુબજ પ્રમાણમાં લોહી હવી જતા શોકમાં જતા થયેલ હોવાનું જણાવતા હોઈ તે હકીકતને નજર સમક્ષ રાખતા આ કામે મરણ જનારનું મૃત્યુ અકુદરતી હોવાનું જણાઈ આવતુ હોઈ મુદા નં.(૧) નો જવાબ **<u>હકારમા</u>** આપુ છુ.

**<u>મુદા નં.(૨) અને (૩) ની ચર્ચા:–</u>**

**<u>પંચસાહેદોનો પુરાવો:–</u>**

(૧૨) ફરિયાદપક્ષે પંચસાહેદ હુશેન ઓસમાણ કુંભારે આંક:–૯૭ થી

પુરાવો આપેલ છે અને સદરહુ પંચસાહેદે સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે તા:-૨૪/૦૬/૨૦૨૫ નાં રોજ તેઓ સરકારી હોસ્પિટલ,મુન્દ્રા મુકામે ઝઘડો થયો હતો તેની તેઓને ખબર પડેલી એટલે તેઓ ફકત જોવા ગયેલા. વધુમાં જણાવેલ છે કે જે લોકોનો ઝઘડો થયેલો તે લોકો તેમના બાજુનાં ગામમાં રહેતા હતા તેથી તેમને ઝઘડાની જાણ થયેલી.વધુમાં જણાવેલ છે કે તેઓ હોસ્પિટલ ગયા ત્યાં એક પી.એસ.આઇ.સાહેબ હતા તેઓ તેમને એક રૂમમાં લઇ ગયેલા ત્યાં સિધિકભાઇની લાશ પડેલી,ત્યાં પંચનામા માટે તેમને હાજર રહેવા જણાવેલ અને તેમને જાણ કરેલી કે,'' અમે પંચનામુ કરીએ છીએ.''વધુમાં જણાવેલ છે કે ગુજરનારને શરીરનાં પાછળનાં ભાગે થાપા ઉપર વાગેલુ હતુ તે બતાવેલ,બીજે કયાંય વાગેલ ન હતુ.વધુમાં જણાવેલ છે કે તેઓ પી.એસ.આઇ.લખાવતા હતા તેમ પંચનામુ લખતા ગયા અને તેમણે પંચનામુ વાંચીને પછી સહી કરેલ.વધુમાં જણાવેલ છે કે પંચનામા સમયે ઓસમાણભાઇ જુણેજા હાજર હતા અને તેણે આ લાશ તેમના દિકરા સિધિકની હોવાનું ઓળખી બતાવેલ.વધુમાં તેઓને જુબાની દરમિયાન પંચનામુ બતાવતા તેમાં પંચ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે અને પંચનામા સમયે તેમની સાથે બીજા પંચ ઇસ્માઇલભાઇ શેખ હતા તેઓએ પણ સહી કરેલી તે ઓળખી બતાવે છે.સદરહુ પંચનામુ આંક:-૯૮ થી રજુ છે.

(૧૨.૧) આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાતનો ઇન્કાર કરેલ છે કે પોલીસે જે પંચનામુ લખેલુ તેમાં માત્ર તેમણે સહી કરેલી.એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે તૈયાર પંચનામામાં સહી લીધેલી.

(૧૩) ફરિયાદપક્ષ તરફે પંચસાહેદ ગોવિંદ નાગશી મહેશ્વરીએ અને પંચસાહેદ અબ્દુલ અલ્લારખ્ખા ખલીફાએ અનુક્રમે આંક:-૯૯ અને આંક:-૧૧૧ થી પુરાવો આપેલ છે અને સદરહુ પંચસાહેદોએ સોગંદ પરની

સરતપાસમાં જણાવેલ છે કે પોલીસે તેઓને તા:-૨૫/૦૬/૨૦૧૫ નાં સાડાઉ ગામમાં ખૂન થઇ ગયેલ હતુ તે માટે રહેમત મસ્જિદ નજીક આવેલ ચોકમાં બોલાવેલો અને પોલીસે તેમની હાજરીમાં જે જગ્યાએ લોહીનાં ડાઘા હતા તેનું નિરીક્ષણ કરેલુ, અંતરનું માપ લખેલુ અને પંચનામુ લખવાની કામગીરી કરેલી.વધુમાં જણાવેલ છે કે મસ્જિદની દિવાલ ઉપર અને મસ્જિદની પાછળ ચોકમાં લોહીનાં ડાઘા જોયેલા,પોલીસે તેમને તે બતાવેલા. વધુમાં જણાવેલ છે કે પોલીસે તેમની હાજરીમાં લોહીવાળી માટી તથા લોહીનાં ડાઘવાળા પથ્થર કબ્જે કરેલ કે કેમ તેની તેમને ખબર નથી.વધુમાં તેઓને પંચનામુ બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે.સદરહુ પંચનામુ આંક:-૧૦૦ થી રજુ છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૪ થી ૧૫ વાળી માટીઓ,સાદી માટીઓ,પથ્થરો,કોટન સ્વેબ બતાવતા આવો કોઇ મુદામાલ પોલીસે તેમની હાજરીમાં કબ્જે કરેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવેલ છે પરંતુ તેની અંદર મુકવામાં આવેલ કાપલીઓમાં પંચ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. સદરહુ પંચસ્લીપો આંક:-૧૦૧ થી આંક:-૧૧૦ સુધી રજુ છે.

(૧૩.૧) આમ સદરહુ પંચસાહેદો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોઇ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરતો કોઇ પુરાવો મળી આવેલ નથી.

(૧૩.૨) સદરહુ પંચસાહેદોની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે લોહીનાં ડાઘા જે જોયેલાનું તેમણે જણાવેલ છે તે માણસનાં હતા કે પશુનાં તે તેઓ કહી શકે નહી.તે વાત કબુલ કરેલ છે કે તૈયાર પંચનામામાં સહી લીધેલી.

(૧૪) ફરિયાદપક્ષે પંચસાહેદ સિકંદર અભુ શેખે આંક:-૧૧૬ થી

પુરાવો આપેલ છે અને સદરહુ પંચસાહેદે સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે વર્ષ–૨૦૧૫ માં તેઓ મુન્દ્રા સરકારી હોસ્પિટલમાં ગયેલા,ત્યાં પોલીસે તેમને રજબ તથા અજીજ દાખલ હતા ત્યાં પંચનામામાં સહી માટે બોલાવેલા અને ત્યાં તેમને સહી કરવાનું કીધેલુ,તેથી તેમણે સહી કરેલી.વધુમાં જણાવેલ છે કે રજબ ફકીરમામદ અને અજીજને હોસ્પિટલમાં દાખલ તેમણે જોયેલા, તેમને માથે પાટા બાંધેલા હતા,ત્યાંથી વસ્તુ કબ્જે કરેલી હોય તેમ હતુ, વસ્તુમાં કપડા,રજબનો સફેદ કલરનો શર્ટ હતો,જેનાં પર લોહીનાં ડાઘા હતા. અજીજનો શર્ટ પાટા પાટાવાળો (લાઈનીંગ વાળો) હતો,કાળા કલર જેવી પેન્ટ હતી,જે બન્ને પર લોહીનાં નિશાન હતા.વધુમાં જણાવેલ છે કે ઉપરોકત ત્રણેય કપડાઓ પોલીસે અલગ–અલગ ઝબલામાં નાખી,પોલીસે કબ્જે કરેલા અને તે અંગેનું પોલીસે પંચનામુ કરેલુ,તે સમયે તેમની સાથે બીજા પંચ ઈલીયાસ જુમા શેખ પણ હાજર હતા,તેઓ બન્ને જણાંએ પંચનામામાં સહી કરેલી.વધુમાં તેઓને પંચનામુ બતાવતા તેમાં તેમની તથા બીજા પંચની સહી ઓળખી બતાવે છે.સદરહુ પંચનામુ આંક:–૧૧૭ થી રજુ છે.વધુમાં તેઓને મુાદમાલ આર્ટીકલ નં.(૧) અને (૨) સાથે રહેલ પંચસ્લીપો બતાવતા તેમાં તેઓની સહીઓ ઓળખી બતાવે છે.સદરહુ પંચસ્લીપો આંક:–૧૧૮ અને આંક:–૧૧૯ થી રજુ છે.વધુમાં જણાવેલ છે કે તેઓને બેગીમાંથી નીકળેલ શર્ટ તથા પેન્ટ બતાવતા તે પંચનામા દરમિયાન અજીજ પાસેથી કબ્જે લેવામાં આવેલ તેજ આ શર્ટ–પેન્ટ છે.

(૧૪.૧) સદરહુ પંચસાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે ફરિયાદી રજબભાઈ અને અજીજભાઈ મારા દુરનાં સગા થાય છે.તે વાત કબુલ કરેલ છે કે તેમણે અજીજભાઈનું પેન્ટ કાળા કલર જેવું હતુ તેમ જણાવેલ છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.(૨) વાળુ પેન્ટ બતાવીને સવાલ કરવામાં આવેલ છે કે આ પેન્ટ આખે આખુ સફેદ રંગનું છે તેનાં જવાબમાં જણાવે છે કે આ વાત ખરી છે.તે વાત કબુલ કરેલ છે કે તેમને જે

કાંઇ મુદામાલ બતાવવામાં આવ્યો તે મુદામાલ કપડામાં કાળુ કે કાળા જેવા રંગનું કોઇ પેન્ટ આવેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે તેમણે જે પંચનામામાં સહી કરી અને કબ્જે થયેલુ તે પેન્ટ કાળા રંગનું હતુ.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.(૨) ઉપર ચોંટાડેલી પંચસ્લીપ અને બેગીની અંદરથી નીકળે પંચસ્લીપ બતાવતા તે કાર્બન કોપીવાળી પંચસ્લીપ વચ્ચે ખાલી જગ્યા છે,તેવી ખાલી જગ્યા બેગી ચોંટાડેલ પંચસ્લીપમાં નથી,તે વાત ખરી છે.તેને આંક:-૧૧૯ અપાયેલ છે.

(૧૫) ફરિયાદપક્ષે પંચસાહેદ ગની ફકીરમામદ જુણેજાએ આંક:-૧૨૦ થી પુરાવો આપેલ છે અને સદરહુ પંચસાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે વર્ષ-૨૦૧૫ માં પોલીસનાં બોલાવવાથી મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશનમાં ગયેલા,તેમને પોલીસે આરોપીઓની અટક તથા તેઓ પાસેથી ચીજવસ્તુ કબ્જે કરવાનું પંચનામુ કરવાનું જણાવેલ,પોલીસ સ્ટેશનની અંદર બીજા પંચ તરીકે તેમની સાથે ઇસ્માઇલશા સૈયદ પણ હાજર હતા.વધુમાં જણાવેલ છે કે તેઓ પોલીસ સ્ટેશનમાં ગયેલા ત્યારે ત્યાં ત્રણ આરોપીઓ હાજર હતા,જેમાં પ્રથમ ઇસમનું નામ પુછતા સાલેમામદ અલીમામદ સાંઢ,રહે.સાડાઉ,તા.મુન્દ્રાવાળા હતા અને તેણે બનાવ વખતે ગંજી પહેરેલ હતો,તે સફેદ કલરનો ગંજી રજુ કરેલો,જેનાં ઉપર લોહીનાં છાંટા હતા તથા બીજા ઇસમ હાજર હતા તેનું નામ પુછતા ગુલામ અબ્દુલ્લા સાંઢ હતુ,તેણે પીળા કલરનો શર્ટ રજુ કરેલો,જે શર્ટ ઉપર લોહીનાં ડાઘા હતા તથા એક ચારેક ફુટની લાકડી(લઠ્ઠ) હતી,જે રજુ કરેલા,લાકડી ઉપર લગભગ લોહીનાં છાંટા હતા,ચાર વર્ષ થયા તેથી ચોકકસ યાદ નથી.ત્યારબાદ ત્રીજા ઇસમનું નામ પુછતા અબ્દ્રેમાન અલીમામદ હોવાનું જણાવેલુ,તેણે આસમાની કલરનો લીટી-લીટીવાળો શર્ટ અને એક લાકડી(લઠ્ઠ) ચાર ફુટની અને એક લીલા કલરની પેન્ટ રજુ કરેલા,પોલીસે તેનાં ઉપર રાખીને કબ્જે કરેલા,તે અંગે લખાણ કરેલુ,જેમાં તેઓએ સહી કરેલી.વધુમાં તેઓને જુબાની

દરમિયાન પંચનામુ બતાવતા તેમાં તેમની અને બીજા પંચની સહી ઓળખી બતાવે છે.સદરહુ પંચનામુ આંક:-૧૨૧ થી રજુ છે.વધુમાં જણાવેલ છે કે તેઓને મુદામાલ બતાવામાં આવે તો તેઓ ઓળખી શકે.વધુમાં તેઓને મુદામાલ આર્ટીકલ નં.૧૬ થી ૨૦ સાથે રહેલ પંચસ્લીપો બતાવતા તેમાં તેમની અને બીજા પંચની સહી ઓળખી બતાવે છે.સદરહુ પંચસ્લીપો અનુક્રમે આંક:-૧૨૨ થી આંક:-૧૨૬ સુધી રજુ છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન બેગીમાંથી નીકળેલ લાકડી બતાવતા તે પંચનામા દરમિયાન અબ્દ્રેમાન પાસેથી કબ્જે લેવામાં આવેલ તેજ આ લાકડી છે તેમ જણાવેલ છે.

(૧૫.૧) સદરહુ પંચસાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તેઓએ જણાવેલ છે કે તેઓ બ્લોક બનાવવાનો ધંધો કરે છે.તે વાત કબુલ કરેલ છે કે તેઓએ પંચનામામાં સહી કરી ત્યારે મંગરા વાડી વિસ્તારમાં રહેતા હતા અને મંગરા વાડી વિસ્તાર મુન્દ્રા ગામથી ત્રણ થી ચાર કિલોમીટર થાય.તે વાત કબુલ કરેલ છે કે તેઓ જુબાની આપવા આવ્યા તે અગાઉ તેઓ આજ પંચનામા માટે જુબાની આપવા આવી ગયેલા છે.તે વાત કબુલ કરેલ છે કે આ બધી વસ્તુઓ પોલીસ લઇ આવેલી અને તેજ પેક કરતી હતી.વધુમાં જણાવેલ છે કે તેમને એ વાતનું ધ્યાન નથી કે,પંચનામાની અંદર તેઓ બે જણાએ સહી કરી,તે સમયે બીજા કોઇએ સહી કરેલી નહી.વધુમાં ઉલટ તપાસમાં પુછવામાં આવેલ છે કે ફરિયાદી તમાર સગા થાય છે ? તેનાં જવાબમાં જણાવેલ છે કે છેટા છેટા સગા થાય છે.તે વાત કબુલ કરેલ છે કે પંચમાં રહેવા અને સહી કરવા ફરિયાદી તેમને પોલીસ સ્ટેશન લઇ ગયેલા.તે વાત કબુલ કરેલ છે કે પંચનામાની અંદર તેમણે અને બીજા પંચે સહી કરી ત્યારે બીજા કોઇ માણસ ત્યાં હાજર ન હતા.

(૧૬) ફરિયાદપક્ષે પંચસાહેદ મહમદરફીક ઓસમાણ જુણેજાએ આંક:-૧૩૨ થી પુરાવો આપેલ છે અને સદરહુ પંચસાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે તા:-૨૫/૬/૨૦૧૫ નાં રોજ તેઓ

પેસેન્જરને મુકવા માટે તેમની રીક્ષાથી મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશને ગયેલા અને ત્યાં પોલીસવાળા ભાણજીભાઈ હાજર હતા અને તેઓએ તેમને કપડા બતાવેલા અને તેનું પંચનામુ કરવાનું જણાવેલુ.વધુમાં જણાવેલ છે કે આ કપડા ભાણજીભાઇ દવાખાનામાંથી લઇ આવેલા હતા અને આ કપડા જુણેજા સીદીક ઓસમાણનાં હોવાનું જણાવેલ,આ કપડા જોતાં એક બ્લુ કલરનો લીટીવાળો શર્ટ હતો,તેનાં ઉપર પીઠનાં ભાગે લોહીનાં ડાઘ દેખાતા હતા તથા એક સાઇડમાં તુટેલો હતો તેમજ એક કાળા કલરનો લેંઘો હતો,જેમાં સાઇડમાં સફેદ પટ્ટી હતી,આ લેંગાનાં પાછળનાં ભાગે લોહીનાં ડાઘ હતા તથા એક બનીયાન(જાંગીયો) હતો તે સાઇડમાં તુટેલો હતો તથા તેનાં ઉપર પણ લોહીનાં નિશાન હતા અને તે કપડા તેમને બતાવીને પોલીસે સીલ કરી પંચનામાની રૂએ કબ્જે કરેલા.વધુમાં તેઓને જુબાની દરમિયાન પંચનામુ બતાવતા તેમાં તેમની અને બીજા પંચની સહી છે અને તે આ પંચનામા સમયે તેમની સાથે હાજર હતા જે બન્ને સહીઓ તેઓ ઓળખી બતાવે છે.સદરહુ પંચનામુ આંક:-૧૩૩ થી રજુ છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૩ કપડા બતાવતા તે કપડા પોલીસે તેમની હાજરીમાં પંચનામાની વિગતે કબ્જે કરેલા તે તેજ છે તેમ જણાવી ઓળખી બતાવે છે.

(૧૬.૧) સદરહુ પંચસાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે તેઓ પોલીસ સ્ટેશનને તેમના કામથી ગયેલ હતો.તે વાત કબુલ કરેલ છે કે તેમને કોઇ પોલીસવાળા બોલાવવા આવ્યા ન હતા.તે વાત કબુલ કરેલ છે કે 'લીટી' અને ' ચોકડી ' માં ફરક હોય છે.વધુમાં જણાવેલ છે કે સદરહુ પંચનામુ અંદાજે દશ સાડા દશ વાગ્યે શરૂ કરેલુ.સદરહુ પંચનામાની કાર્યવાહી અંદાજે કલાક જેવુ ચાલેલુ.તે વાત કબુલ કરેલ છે કે સદરહુ પંચનામુ તેઓ બોલતા ગયા હોય અને પોલીસ લખતા ગયા હોય તેવુ બનેલુ નથી.વધુમાં જણાવેલ છે કે તેઓ એ વાત કહી શકે નહી કે,તેમણે સદરહુ પંચનામામાં બે સહીઓ કરી તે સિવાય અન્ય કોઇ ઠેકાણે સહી કરેલ નથી,તેઓ જણાવે છે કે પોલીસે

તેમની બે ત્રણ સહીઓ લીધેલી.

(૧૭) ફરિયાદપક્ષે પંચસાહેદ જાકબ સાલેમામદ કુંભારે આંક:-૧૩૫ થી પુરાવો આપેલ છે અને સદરહુ પંચસાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે આશરે ત્રણેક વર્ષ પહેલા તેમની તુફાન ગાડીથી મુન્દ્રા ગયેલ હતા અને મુન્દ્રા આદર્શ ટ્રાવેલ્સ પાસે પોલીસે તેમને ઉભા રખાવી અને સહી કરવાનું કહેતા તેમણે સહી કરી આપેલી,તે સિવાય તેઓ કાંઇ જાણતા નથી. વધુમાં જણાવેલ છે કે તેમની હાજરીમાં પોલીસે કોઇ આરોપીઓને અટક કરેલ હોય કે તેઓ પાસેથી કોઇ મુદામાલ કબ્જે કરેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં જણાવેલ છે કે તેઓ આરોપી જાકબ આમદ સાંઘ તથા કાસમ આમદ સાંધને ઓળખે છે.વધુમાં જણાવેલ છે કે આરોપીઓને પોલીસે તેમની હાજરીમાં અટક કરેલ હોય કે તેઓની પાસેથી કોઇ ચીજવસ્તુ કબ્જે કરેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં તેઓને જુબાની દરમિયાન પંચનામુ બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે.સદરહુ પંચનામુ આંક:-૧૩૬ થી રજુ છે.

(૧૭.૧) આમ સદરહુ પંચસાહેદ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોઇ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરતો કોઇ પુરાવો મળી આવેલ નથી.

(૧૭.૨) સદરહુ પંચસાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે જાકબ આમદ સાંઘ તથા કાસમ આમદ સાંધ તેમના સમાજનાં તથા તેમના વિસ્તારનાં હોઇ તેઓ તેને ઓળખે છે.તે વાત કબુલ કરેલ છે કે પોલીસે તૈયાર પંચનામામાં તેમની સહી લીધેલ તે સિવાય બીજી કોઇ હકીકત તેઓ જાણતા નથી.

(૧૮) ફરિયાદપક્ષે પંચસાહેદ ફકીરમામદ બુઢા શેખે આંક:-૧૩૭ થી પુરવો આપેલ છે અને સદરહુ પંચસાહેદે સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે તા:-૨૬/૦૬/૨૦૧૫ નાં રોજ તેઓ પોલીસનાં બોલાવવાથી મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશનમાં ગયેલા,ત્યાં પોલીસ સ્ટેશનમાં તેમની સાથે બીજા પંચ તરીકે જાકબ સાલેમામદ કુંભાર હતા,ત્યાં પોલીસવાળા બે પેન્ટ જે પૈકી એક પેન્ટ ઉપર લોહીનાં ડાઘ હતા,એક ધોકો,ગુલાબી કલરનો શર્ટ જેનાં ઉપર લોહીનાં ડાઘ હતા તેમને બતાવી આ વસ્તુઓ થેલીમાં મુકી તેમની સહીવાળી કાપલી મુકેલી અને તેનાં ઉપર સિકકો મારેલો અને એક લખાણ કરેલો જે તેમણે વાંચેલો.વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ તેમાં તેમણે સહી કરેલી પરંતુ જાકબે સહી કરેલી કે કેમ તે હાલે તેમને યાદ નથી.વધુમાં તેઓને જુબાની દરમિયાન પંચનામુ બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે.સદરહુ પંચનામુ આંક:-૧૩૮ થી રજુ છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૨૧ અને ૨૩ બતાવતા તે તથા મુદામાલ આર્ટીકલ નં.૨૨ અને ૨૪ વાળી છરી અને લાકડી બતાવતા તે તેજ છે,જે પોલીસે પંચનામાની વિગતે તેમની હાજરીમાં કબ્જે કરેલા તેમ જણાવે છે તેમજ સદરહુ મુદામાલ આર્ટીકલ સાથે રહેલ પંચ કાપલીઓમાં તેમની સહી ઓળખી બતાવે છે.સદરહુ પંચસ્લીપો આંક:-૧૩૯ થી આંક:-૧૪૨ સુધી રજુ છે.વધુમાં જણાવેલ છે કે તેઓ જાકબ આમદ સાંઘ અને કાસમ આમદ સાંઘને ઓળખે છે અને તે પૈકી જાકબ આમદ સાંધને નામદાર અદાલત સમક્ષ ઓળખી બતાવે છે.વધુમાં જણાવેલ છે કે ઉપરોકત મુદામાલ બન્ને આરોપીઓએ તેમની હાજરીમાં પોલીસ સ્ટેશનમાં રજુ કરેલા.

(૧૮.૧) સદરહુ પંચસાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે કાસમ આમદ તથા જાકબ આમદને તેઓ આ બનાવ બન્યો તે પહેલાથી ઓળખે છે. તે વાત કબુલ કરેલ છે કે કાસમ આમદ અને જાકબ આમદને તેઓ પ્રથમથી ઓળખતા હોઈ નામદાર અદાલત સમક્ષ ઓળખી બતાવેલ છે.વધુમાં

જણાવેલ છે કે તેમણે આ પંચનામા સમયે અંદાજીત ચાર પાંચ સહીઓ પોલીસ સ્ટેશનમાં કરેલી.તે વાત કબુલ કરેલ છે કે પંચનામામાં સહી કરેલી ત્યારે તેઓ એકલા ત્યાં હાજર હતા.તે વાત કબુલ કરેલ છે કે તેમણે મુદામાલ હથિયારો પંચનામામાં સહી કરી ત્યારબાદ જોયેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે તેમને સદરહુ હથિયારો પોલીસવાળાએ બતાવેલ અને સદરહુ હથિયારો પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ.શ્રીની ચેમ્બરમાં હતા. તે વાત કબુલ કરેલ છે કે સદરહુ મુદામાલ હથિયારો પી.એસ.આઇ.ની ચેમ્બરમાં કોણ મુકી ગયા કયારે મુકી ગયા તે બાબતની તેમને કોઇ જાણકારી નથી.વધુમાં જણાવેલ છે કે તેમણે આ હથિયારો આશરે બાર પંદર ફુટ દુરથી જોયા હતા.તે વાત કબુલ કરેલ છે કે હથિયારોમાં તેમણે માત્ર લાકડી દુરથી જોયેલી,પરંતુ છરી જોયેલી નહી.તે વાત કબુલ કરેલ છે કે મુદામાલવાળી છરી નામદાર અદાલતમાં પ્રથમ વખત જોયેલી છે તે પહેલા કયારેય જોયેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે સદરહુ મુદામાલ છરી જે બેગીમાંથી કાઢવામાં આવી તેમાં રાખેલ પંચોની સહીવાળી કાપલીમાં તેમની સહી કોણે અને કયારે લઇ અને બેગમાં મુકેલી તેની તેમને ખબર નથી.તે વાત કબુલ કરેલ છે કે પંચનામા સમયે તેમણે સહી કરશી ત્યારે આવી તેમની સહીવાળી કાપલી તેમની સમક્ષ મુકેલી.તે વાત કબુલ કરેલ છે કે પંચનામામાં છરી અંગેની હકીકત લખેલી છે કે કેમ તેની તેમને તેમણે સહી કરી ત્યારે તેમને માહિતી ન હતી.તે વાત કબુલ કરેલ છે કે તેમને આ છરી બાબતની હકીકત લખેલ છે કે કેમ તે અંગેની માહિતી નહી હોવાનું કારણ તેમને પોલીસે સહી કરવાનુ કહેતા તેમણે તૈયાર પંચનામામાં સહી કરી દીધેલી.તે વાત કબુલ કરેલ છે કે મુદામાલ કપડા મુદામાલ લાકડીની બાજુમાં પોલીસ સ્ટેશનમાં પડેલા હતા,આ મુદામાલ કપડા કોણ, કયારે અને કેવીરીતે લઇ આવેલ તેની તેમને ખબર નથી અને સદરહુ મુદામાલ કપડા કોના હતા તે તેમને પોલીસનાં કહેવાથી ખબર પડેલી,તે બાબતે તેમને કોઇ જાતમાહિતી ન હતી.વધુમાં જણાવેલ છે કે તેમને પંચનામામાં સહી કરવા માટે ૩.૪૫ વાગ્યે પોલીસ બોલાવવા આવેલ હતી.વધુમાં જણાવેલ છે કે

તેઓ તથા તેમની સાથેનો બીજો પંચ જવાહરચોકમાં બેઠા હતા ત્યારે પોલીસ તેમને બોલાવવા આવી હતી.તે વાત કબુલ કરેલ છે કે તે વખતે પોલીસ સાથે તેમનો ભાઇ જાકબ સાલેમામદ જુણેજા પણ હતા,તેઓ જણાવે છે કે આ તેમનો સગો ભાઇ થતો નથી.વધુમાં જણાવેલ છે કે ઓસમાણ અયુબ જુણેજા એ જાકબ સાલેમાદ જુણેજાનો શું સગો થાય તેની તેમને ખબર નથી.તે વાત કબુલ કરેલ છે કે તેમના આ ભાઇએ પોલીસને તેઓ સહી કરી દેશે તેમ જણાવેલ અને પોલીસને લઇને તેમની પાસે આવેલ જેથી તેઓ ગયેલા અને સહી કરેલ છે.તે વાત કબુલ કરેલ છે કે પોલીસ સ્ટેશનમાં જે મુદામાલવાળા કપડા જોયા તે આશરે બાર થી પંદર ફુટ દુરથી જોયેલા હતા.તે વાત કબુલ કરેલ છે કે તેમને કપડા ગડીવાળા પડેલ હતા તે જોયેલા,તેઓ જણાવે છે કે તેમને તે કપડા બતાવ્યા હતા.વધુમાં જણાવેલ છે કે તેમની ઉપર કોઇ કેસ થયેલા નથી,તેમણે કોઇ કેસમાં આ અગાઉ જુબાની આપેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે તેમણે પોલીસ સ્ટેશનમાં જયારે પંચનામા ઉપર સહી કરી ત્યારે ત્યાં તેઓ,જમાદાર અને એક પોલીસવાળા હાજર હતા,તે સિવાય બીજો કોઇ ત્યાં હાજર ન હતો.

(૧૯) ફરિયાદપક્ષે પંચસાહેદ ફારૂક ફકીરમામદ જુણેજાએ આંક:-૧૪૩ થી પુરાવો આપેલ છે અને સદરહુ પંચસાહેદે સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે આશરે ચાર પાંચ વર્ષ પહેલા પોલીસનાં બોલાવવાથી મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશનમાં ગયેલા અને ત્યાં પોલીસે એક પંચનામામં રહેવાનુ જણાવતા તેમણે હા પાડેલી,ત્યાં પોલીસ સ્ટેશનમાં સાલેમામાદ અલીમામદ સાંધ,રહે.સાડાઉવાળા હાજર હતા અને સાલેમામદે છરી જે જગ્યાએ મુકેલી તે જગ્યાએ લઇ જવાનુ જણાવેલ અને આ બાબતે પોલીસે પ્રાથમિક પંચનામુ કરેલુ અને આ સમયે બીજા પંચ તરીકે ઇસ્માઇલ હાસમ હાજર હતા.વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ તેઓ,ઇસ્માઇલ હાસમ,ત્રણ ચાર જણા પોલીસવાળા,સાલેમામદ અલીમામદ પોલીસને બોલેરો ગાડીમાં બેઠેલા અને

સાડાઉ ગામે પોલીસ લઇ ગયેલી અને સાલેમામદ રસ્તો બતાવતા હતા. વધુમાં જણાવેલ છે કે સાલેમામદ પોતાના ઘરે લઇ ગયેલ અને પોતાના વાડામાં જમીનમાં દાટેલી એક છરી કાઢી આપેલ,આ છરી જોતાં પ્લાસ્ટીકનાં હાથાવાળી અને અંદાજીત દોઢેક કુટ લંબાઇની હતી અને આ છરી ઉપર લોહીનાં ડાઘ હતા,આ છરીને એક ડબ્બામાં મુકેલી અને તેઓ પંચોની સહીવાળી કાપલી મુકી સીલ કરીને કબ્જે કરેલ અને તે અંગેનું પંચનામુ કરેલ. વધુમાં જણાવેલ છે કે તેઓ આરોપી સાલેમામદને ઓળખે છે અને નામદાર અદાલતમાં હાજર છે તે તેજ છે તેમ જણાવે છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન પંચનામુ બતાવતા તેમાં તેમની તથા બીજા પંચની સહી ઓળખી બતાવે છે.સદરહુ પંચનામુ આંક:-૧૪૪ થી રજુ છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૨૫ વાળી છરી બતાવતા તે તેજ હોવાનું જણાવી તે પંચનામાની વિગતે પોલીસે તેમની હાજરીમાં કબ્જે કરેલી.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ સાથે રહેલ પંચકાપલી બતાવતા તેમાં તેમની સહી નથી પરંતુ પંચ નં.(૧) તરીકે ઇસ્માઇલ હાસમની સહી ઓળખી બતાવે છે.સદરહુ પંચસ્લીપ આંક:-૧૪૫ થી રજુ છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૨૫ વાળા પ્લાસ્ટીકનાં ડબ્બા ઉપર ચોંટાડેલ કાપલી બતાવતા તેમાં તેમની તથા બીજા પંચની સહી ઓળખી બતાવે છે.

(૧૯.૧) સદરહુ પંચસાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે જાકબ આમદ સાંધે તેમના ભાઇ રજબઅલી તથા અન્યો સામે આજ બનાવ બાબતે પોલીસ ફરિયાદ કરેલી છે.તે વાત કબુલ કરેલ છે કે આ કામનાં ફરિયાદી ઓસમાણ અયુબ જુણેજા તેમના કૌટુબીક ભાઇ થાય છે.તે વાત કબુલ કરેલ છે કે જે જગ્યા તેમણે સરતપાસમાં જણાવેલી છે,તે જગ્યાએ કોઇપણ માણસ અવરજવર કરી શકે તે પ્રકારની જગ્યા છે અને કોઇપણ વ્યકિત કોઇ વસ્તુ રાખી કે રખાવી શકે તેવી જગ્યા છે.તે વાત કબુલ કરેલ છે કે પંચનામા તથા

કાપલીઓમાં જયાં જયાં તેમની સહીની જરૂર પડી ત્યાં ત્યાં તેમની સહીઓ લેવાયેલ છે.તે વાત કબુલ કરેલ છે કે મુદામાલ સાથે મુકેલ પંચોની સહીવાળી કાપલી આંક:–૧૪૫ માં તેમની સહી નથી.તે વાત કબુલ કરેલ છે કે મુદામાલ મુકવા માટેનો ડબ્બો પ્રથમથી પોલીસ સ્ટેશનમાં મંગાવી લેવામાં આવ્યો હતો.તે વાત કબુલ કરેલ છે કે તેઓ પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે આ ડબ્બાો પડેલ હતો,તેઓ જણાવે છે કે ખાલી ડબ્બો પડેલ હતો.વધુમાં જણાવેલ છે કે એ વાતની તેમને ખબર નથી કે આ ડબ્બો પોલીસે મંગાવેલ હતો કે કેમ ? અને આ ડબ્બો હથિયાર પેક કરવા માટે મંગાવેલ હતો.વધુમાં જણાવેલ છે કે પંચનામામાં તેમણે છેલ્લી સહી કર્યા બાદ તેમની સહીવાળી કાપલીઓમાં અડધો કલાક બાદ સહીઓ કરેલી.વધુમાં જણાવેલ છે કે એ વાત તેમને હાલ યાદ નથી કે સદરહુ કાપલીઓમાં સહીઓ તેમણે પોલીસ સ્ટેશનમાં કરેલી કે કેમ.પોલીસ સ્ટેશનમાં તેમણે ચાર પાંચ સહીઓ કરેલી.તે વાત કબુલ કરેલ છે કે સાલેમામદ તેમના ગામના હોઈ તેને તેઓ આ બનાવ અગાઉથી ઓળખે છે.વધુમાં જણાવેલ છે કે તેમને એ વાતની ખબર નથી કે મુદામાલ છરી જેવી છરી મુન્દ્રા બજારમાં દરેક દુકાનમાં સહેલાઇથી મળી શકે તમ છે અને મુદામાલ છરી જેવી છરી તેમના ગામમાં દરેક ઘરમાં તથા તેમના ઘરમાં પણ ઉપયોગમાં લેવાય છે.વધુમાં જણાવેલ છે કે તેમને એ વાતની ખબર નથી કે તેઓ પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે સાલેમામદ પોલીસ સ્ટેશનમાં લોકઅપમાં હતા કે કેમ ,હવે તેઓ જણાવેછે કે સાલેમામદ લોકઅપમાં હતા.તે વાત કબુલ કરેલ છે કે તેમણે જે ચાર પાંચ સહીઓ પંચનામામાં શરૂઆતમાં કરી તે સમયે સાલેમામદ લોકઅપમાં હતા.વધુમાં જણાવેલ છે કે સામાન્યરીતે કોઈપણ ભીનાશવાળી વસ્તુ જમીન ઉપર પડે તો તેનાં ઉપર ધુળ લાગે તે વાત સાચી છે.તે વાત કબુલ કરેલ છે કે જો તે આખી વસ્તુને ધુળ લાગેલ હોય તો તે ધુળ શાનાથી લાગેલ છે તે જાણી શકાય નહી.વધુમાં જણાવેલ છે કે એ વાત તેમને હાલ યાદ નથી કે,જો આ છરી ઉપર ધુળ લાગેલ હોય તો આ છરી ઉપરથી ધુળ ખંખેરીને તેનાં ઉપર લોહીનાં ડાઘ લાગેલા છે કે કેમ તે જોયેલ નહી.વધુમાં

જણાવેલ છે કે તેમને એ વાત હાલ યાદ નથી કે તેમણે જયારે મુદામાલ છરી જે તે સમયે પ્રથમ જોયેલી ત્યારે તેનાં ઉપર ધુળ લાગેલ હતી કે કેમ?તે વાત કબુલ કરેલ છે કે જો કોઇ છરીથી લાલ કલરનો શાકભાજી કે ફળ કાપવામાં આવે તો તે છરી ઉપર લાલ કલરનાં ડાઘ જોવા મળે.તે વાત કબુલ કરેલ છે કે આ કેસમાં ગુજરી જનાનર તેમનો કૌટુંબિક ભત્રીજો થાય.વધુમાં જણાવેલ છે કે તેમને પંચ તરીકે રહેવા માટે પોલીસવાળા બોલાવવા આવ્યા હતા, પોલીસવાળા તેમને સાંજનાં આશરે સાડા પાંચ વાગ્યાનાં સમયે મરીન પોલીસ સ્ટેશનનાં ગેટ ઉપર બોલાવવા આવ્યા હતા.વધુમાં જણાવેલ છે કે તેમને પોલીસ બોલાવવા આવી ત્યારે તેમની સાથે બીજા પંચ હાજર હતા અને તેઓ બન્ને પોલીસનાં કહેવાથી અંદર ગયા હતા.તે વાત કબુલ કરેલ છે કે બીજા પંચ પણ તેમની સાથે ગેટ ઉપર હાજર હતા,તેઓ જણાવે છે કે તેમની જોડે જ હતા.તે વાત કબુલ કરેલ છે કે બીજા પંચ તેમના મિત્ર થાય છે અને તે મજુરીકામ કરે છે અને મજુરી પરથી છુટવાનો સમય સાંજનાં છ સાડા છ વાગ્યાનો છે.વધુમાં જણાવેલ છે કે એ વાત તેમને હાલ યાદ નથી કે પંચનામામાં પહેલી વખત સહી કરી ત્યારે તેમની હાજરીમાં પંચનામા બાબતે તેમણે અથવા હાજર કોઇ વ્યકિતએ વાતચીત કરેલ હોય કે અન્ય કોઇ વ્યકિતએ વાતચીત કરેલ હોય તે તેમણે સાંભળેલ છે કે કેમ.વધુમાં જણાવેલ છે કે તેમના કહેવા મુજબ બોલેરો ગાડીમાં છ સાત માણસો બેસી શકે, બોલેરો ગાડીમાં તેઓ બેઠા ત્યારે ત્રણ ચાર પોલીસવાળા બેઠેલા હતા પરંતુ તેઓ જમાદાર હતા કે પી.એસ.આઇ.હતા તેની તેમને ખબર નથી.તે વાત કબુલ કરેલ છે કે તેઓ આ પંચનામા સમયે ગયેલા ત્યારે પંચનામા તથા અન્ય બીજા પણ જગ્યાએ જયાં જયાં સહીઓ કરેલી ત્યાં ત્યાં તેમણે તથા બીજા પંચે સહીઓ કરેલી તે સિવાય બીજા કોઇએ સહીઓ કરેલી નહી.વધુમાં જણાવેલ છે કે એ વાત તેમને હાલ યાદ નથી કે,સાલેમામદને લોકઅપમાંથી બહાર જયારે પણ જોયેલ હોય ત્યારે તેનાં હાથે હથકડી લગાવેલ હતી કે કેમ. વધુમાં જણાવેલ છે કે તેમને એ વાત હાલ યાદ નથી કે,સાલેમામદને તેમણે

એક વખત જોયેલો અને તે પોલીસ તેને કોર્ટમાં રજુ કરવા માટે લઇ જતી હતી ત્યારે જોયેલો.વધુમાં જણાવેલ છે કે તેમને એ વાત હાલ યાદ નથી કે તેમણે જે પંચનામામાં સહી કરેલી તે પંચનામામાં જે જગ્યાનો વર્ણન કરવામાં આવેલ છે તે જગ્યા સાલેમામદની માલિકીનો વાડો છે તેવી હકીકત લખેલ છે કે કેમ. તે વાત કબુલ કરેલ છે કે સાલેમામદ તેમના ગામનો છે અને વર્ષોથી તેઓ તેને ઓળખે છે એટલા માટે નામદાર અદાલતમાં ઓળખી બતાવેલ છે.

(૨૦) ફરિયાદપક્ષે પંચસાહેદ હરી વિરમ ગોહિલે આંક:-૧૪૭ થી પુરાવો આપેલ છે અને સદરહુ પંચસાહેદે સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે આશરે ત્રણ ચાર વર્ષ પહેલા તેઓ મુન્દ્રા મધ્યે ટેક્ષી-તુફાન સ્ટેન્ડ પાસે તેમની તુફાન ગાડી લઇને ઉભા હતા તે સમયે પોલીસે તેમની એક તૈયાર લખાણમાં સહી લીધેલ.વધુમાં જણાવેલ છે કે સહી સિવાય તેઓ બીજુ કાંઇ જાણતા નથી.વધુમાં જણાવેલ છે કે તેમની હાજરીમાં બ્લડ સેમ્પલ કબ્જે થયેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં તેઓને જુબાની દરમિયાન પંચનામુ બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે.સદરહુ પંચનામુ આંક:-૧૪૮ થી રજુ છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૨૬ થી ૩૩ બતાવતા આવી કોઇ શીશીઓ તેઓએ પોલીસ સ્ટેશનમાં જોયેલ હોય અને તેમની રૂબરૂ કબ્જે કરેલ હોય તેવુ બનેલ નથી.

(૨૦.૧) આમ સદરહુ પંચસાહેદ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપતા ન હોઇ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરતો કોઇ પુરાવો મળી આવેલ નથી.

(૨૦.૨) સદરહુ પંચસાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે પોલીસે તૈયાર લખાણમાં તેમની સહી લીધેલી,તે સિવાય તેઓ પંચનામાની હકીકત

વિશે કાંઇ જાણતા નથી.

(૨૧) ફરિયાદપક્ષે પંચસાહેદ મનોજ વાલજી ધુઆએ આંક:-૧૫૫ થી પુરાવો આપેલ છે અને સદરહુ પંચસાહેદે સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે આશરે ત્રણ ચાર વર્ષ પહેલા મંગરા બસ સ્ટેશન પાસે તેમન તુફાન ગાડી લઇને ઉભા હતા તે વખતે પોલીસે સહી કરવાનું કહેતા તેમણે સહી કરી આપેલી,તે સિવાય તેઓ કાંઇ જાણતા નથી. વધુમાં જણાવેલ છે કે તેમની હાજરીમાં પોલીસે કોઇ આરોપીઓને અટક કરેલ હોય કે તેઓ પાસેથી કોઇ મુદામાલ કબ્જે કરેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં જણાવેલ છે કે તેઓ આરોપી જાકબ આમદ સાંઘ તથા કાસમ આમદ સાંઘને ઓળખે છે.વધુમાં જણાવેલ છે કે આરોપીઓને પોલીસે તેમની હાજરીમાં અટક કરેલ હોય કે તેઓની પાસેથી કોઇ ચીજવસ્તુ કબ્જે કરેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં તેઓને જુબાની દરમિયાન આંક:-૧૩૬ વાળુ પંચનામુ બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે.

(૨૧.૧) આમ સદરહુ પંચસાહેદ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોઇ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરતો કોઇ પુરાવો મળી આવેલ નથી.

(૨૧.૨) સદરહુ પંચસાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે પોલીસે તૈયાર પંચનામામાં તેમની સહી લીધેલ તે સિવાય બીજી કોઇ હકીકત તેઓ જાણતા નથી.

**<u>મેડીકલ ઓફીસરનો પુરાવો</u>**

(૨૨) ફરિયાદપક્ષે મેડીકલ ઓફીસર ડો.જખુભાઇ અચુભાઇ ધુઆએ

આંક–૧૭૧ થી સોગંદ ઉપર પુરાવો આપેલ છે અને સદરહુ મેડીકલ ઓફીસરે તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે તેઓ તા:–૨૪/૬/૨૦૧૫ નાં રોજ રાત્રે ૮.૧૫ વાગ્યે સી.એચ.સી.,મુન્દ્રા મધ્યે તેમની ફરજ ઉપર હાજર હતા તે વખતે એક લાશ મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશન તરફથી પી.એમ.માટે યાદી,ઈન્કવેસ્ટ પંચનામા તથા મરણોતર ફોર્મ સાથે મળેલી,જેમાં લાશનું નામ સિધિક ઓસમાણ જુણેજા,ઉ.વ.૩૫,રહે.સાડાઉ,તા.મુન્દ્રા જણાવેલુ હતુ,તે લાશ તેમની હોસ્પિટલમાં તા:–૨૪/૦૬/૨૦૧૫ નાં રોજ મધ્ય રાત્રીએ મળતા તેઓ બીજા દિવસે એટલેકે તા:–૨૫/૦૬/૨૦૨૫ નાં રોજ સવારે કલાક ૮.૦૦ વાગ્યે લાશનું પોસ્ટમોર્ટમ શરૂ કરેલ અને સવારે ૧૦.૩૦ કલાકે પુર્ણ કરેલ હતુ.વધુમાં જણાવેલ છે કે તેમને મળેલ પોલીસ યાદી મુજબ લાશ ઉપર એક ઈજા થયેલ હતી.આ લાશની ઓળખ ઓસમાણ જુણેજાએ કરેલી.વધુમાં જણાવેલ છે કે બાહય પરીક્ષણ કરતા લાશ ૩૫ વર્ષનાં મુસ્લિમ પુરૂષની હતી,તેનાં શરીર ઉપર કાળા કલરનો લેંગો(પેન્ટ) જેનાં ઉપર સફેદ કલરનાં પટા હતા અને ગ્રે કલરનો એક શર્ટ અને બ્લુ કલરનો અંડરવીયર પહેરેલ હતા,જે લોહીથી ખરડાયેલા હતા,શરીરનો બાંધો સશકત હતો,શરી ઠંડુ હતુ,રાઈગર મોટીસ આખા શરીરે ફેલાયેલી હતી,પી.એમ.લીવીડીટી પીઠનાં ભાગે જોવા મળેલી,શબનો દેખાવ સામાન્ય હતો,આંખો બંધ હતી,જીભ મોઢાની અંદર હતી,નાક,કાન અને ગળામાંથી કોઈપણ પ્રવાહી જોવા મળેલ નહી,આખા શરીર ઉપર લોહીનાં ડાઘા જોવા મળેલા.બાહય જનેન્દ્રીય પર કોઈ ઈજાઓ જોવા મળેલી નહી.વધુમાં જણાવેલ છે કે લાશની બાહય ઈજા જોતા ઈજા નં.(૧) શરીર ઉપર ઈન્સાઈઝ વુન્ડ ૨.૫ x ૫ સે.મી.આડો ઘા હતો,જે પીઠ પર જમણી સાઈડે ૬ ઈંચ ઉપર હતો અને ૩ ઈંચ સ્પાઈનની બહાર બાજુ જે ૫ ઈંચ ઉંડો ઘા હતો.વધુમાં જણાવેલ છે કે આ શરીર ઉપર બાહય તપાસથી કોઈપણ અસ્થિભંગ જોવા મળેલો નહી.સદરહુ ઈજા મરણ પહેલાની હતી.વધુમાં જણાવેલ છે કે લાશની આંતરિક તપાસ કરતા આખુ શરીર ફીકુ પડી ગયેલ હતુ.લીવર અને કીડની ફીકી પડી ગયેલ હતી.જમણી કીડની

તપાસતા તેનાં ઉપર એક ઈન્સાઈઝ વુન્ડ જોવા મળેલ,જે આડો હતો,આ ઈજાથી ધમની અને શીરા કપાઈ ગયેલ હતા.વધુમાં જણાવેલ છે કે શરીર ઉપરથી લોહીનાં નમુના અને લાશ ઉપરનાં કપડા બ્લડગ્રુપ અને ક્રોસ મેચીંગ માટે મેળવવામાં આવેલા.વધુમાં જણાવેલ છે કે તેમના અભિપ્રાય મુજબ મૃત્યુનું કારણ એ હતુ કે,સ્ટેબ ઈન્જરીનાં કારણે ખુબજ પ્રમાણમાં લોહી વહી જતા શોકમં જતા મરણ થયેલ હશે.વધુમાં જણાવેલ છે કે શબનાં પરીક્ષણ દરમિયાન લાશ ઉપરથી બ્લડનાં સેમ્પલો તેમજ કપડા યોગ્યરીતે સીલ કરીને એફ.એસ.એલ.માં મોકલવા માટે ફોરવર્ડીંગ લેટર સાથે પોલીસ કોન્સટેબલશ્રી ભાણજી આણંદા પટેલને સુપ્રત કરેલા.વધુમાં જણાવેલ છે કે તેમણે પી. એમ.કર્યા બાદ પી.એમ.રિપોર્ટ તથા કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ આપેલ.વધુમાં તેઓને જુબાની દરમિયાન યાદી બતાવતા તેમાં મળ્યા બદલની તેમની સહી છે,તે ઓળખી બતાવે છે.સદરહુ યાદી આંક:-૧૭૨ થી રજુ છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન પી.એમ.નોટ તથા કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ બતાવતા તેમાં તેમની સહી છે તથા તેમની હોસ્પિટલનાં સિકકા છે તે ઓળખી બતાવે છે.સદરહુ પી.એમ.નોટ આંક:-૧૭૩ થી અને કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ આંક:-૧૭૪ થી રજુ છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન મરણોતર ફોર્મ બતાવતા તે તેમને પોલીસ યાદી સાથે મળેલ તેજ છે તેમ જણાવી ઓળખી બતાવે છે.સદરહુ પોલીસ યાદી આંક:-૧૭૫ થી રજુ છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૧૮,૨૦ વાળી લાકડીઓ તથા આર્ટીકલ નં.૨૨ અને ૨૫ વાળી છરીઓ બતાવતા તે પૈકી આર્ટીકલ નં.૨૨ અને ૨૫ જેવી છરીઓ વડે મરણ જનારને થયેલ ઈજાઓ થઈ શકે.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૩ વાળા કપડા તથા આર્ટીકલ નં.૨૬ વાળુ બ્લ્ડ સેમ્પલ બતાવતા તે તેમણે પી.એમ.વખતે લાશ ઉપરથી મેળવેલા અને પોલીસને સોંપેલા તેજ છે તેમ જણાવી ઓળખી બતાવે છે. વધુમાં તેઓને મરણ જનારનું બ્લડ સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલ્યા અંગેનો ફોરવર્ડીંગ લેટર બતાવતા તેમાં તેમની સહી છે તથા નમુનાનું સીલ છે

તે ઓળખી બતાવે છે.સદરહુ ફોરવર્ડીંગ લેટર આંક:-૧૭૬ થી રજુ છે.વધુમાં જણાવેલ છે કે તા:-૨૪/૦૬/૨૦૨૫ નાં રોજ મુન્દ્રા સી.એચ.સી.માં તેમની ફરજ ઉપર હાજર હતા તે સમયે ભોગ બનનાર અઝીઝ હાજી જુણેજા,ઉ.વ.૩૨ તથા રજબઅલી ફકીર જુણેજા,ઉ.વ.૩૪,રહે.બન્ને સાડાઉ,તા.મુન્દ્રાવાળાઓ -ને તેમની પાસે સારવાર માટે લઈ આવેલા.તે પૈકી અઝીઝને હિસ્ટ્રી પુછતાં તેઓએ જણાવેલ કે,મારામારીમાં છરી વડે ઈજા થયેલ છે તેવુ જણાવેલ. વધુમાં જણાવેલ છે કે ઈજા પામનાર પૈકી અઝીઝને કલાક ૧૧.૩૫ વાગ્યે તપાસતા,તેને એક કપાયેલો ઘા ૫ x ૧ સે.મી.નો હતો,જે ડાબી બાજુની આંખ નીચે હતો,જે ઈજા તાજી હતી અને તીક્ષ્ણ હથિયાર વડે થઈ શકે તેવી હતી,જો કોઈ કોમ્પલીકેશન ન થાય તો આ ઈજા સાત થી ચૌદ દિવસમાં સાજી થઈ શકે તેવી સાદી ઈજા હતી.વધુમાં જણાવેલ છે કે બાદ ઈજા પામનાર રજબઅલી ફકીરમામદ જુણેજાને કલાક ૧૧.૪૦ વાગ્યે તપાસતા અને પુછતાં તેને હિસ્ટ્રીમાં જણાવેલ કે,મારામારીમાં લાકડી વડે ઈજા થયેલ છે.ત્યારબાદ તેની શારિરીક તપાસ કરતા તેને (૧) માથામાં ૨ x ૨ સે.મી. જેટલો લોહીનો ગઠો જોવા મળેલ,(૨) ડાબા ખભા ઉપર છોલાયેલો ઘા જોવા મળેલો.આ ઈજાઓ સખ્ત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી,આ ઈજાઓ તાજી હતી,જો કોઈ કોમ્પલીકેશન ન થાય તો આ ઈજા સાતથી દશ દિવસમાં સાજી થઈ શકે તેવી સાદી ઈજા હતી.વધુમાં જણાવેલ છે કે તેઓએ સદરહુ બન્ને ઈજા પામનારાઓને તપાસ્યા બાદ ઈજા અંગેનાં એમ.એલ.સી.સર્ટીફીકેટ ઈસ્યુ કરેલ.વધુમાં તેઓને જુબાની દરમિયાન એમ.એલ.સી.સર્ટીફીકેટ બતાવતા તે તેજ હોવાનું જણાવી તેમાં તેમની સહી તથા હોસ્પિટલનાં સિકકા ઓળખી બતાવે છે.સદરહુ એમ.એલ.સી.સર્ટીફીકેટ આંક:-૧૭૭ થી રજુ છે.વધુમાં તેઓને તેમની જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૧૮,૨૦ અને ૨૪ વાળી લાકડીઓ તથા મુદામાલ આર્ટીકલ નં.૨૨ અને ૨૫ વાળી છરીઓ બતાવતા આવા હથિયારોથી બન્ને ઈજા પામનારાઓને થયેલ આ ઈજાઓ થઈ શકે તેમ જણાવેલ છે.વધુમાં જણાવેલ છે કે તેજ દિવસે ૧૧.૪૫ કલાકે

રાત્રીનાં ઈજા પામનાર આરોપીઓ કાસમ આમદ સાંધ તથા જાકબ આમદ સાંધ સારવાર માટે આવેલા,જે પૈકી કાસમ આમદ સાંધને હિસ્ટ્રી પુછતા તેઓને જણાવેલ કે,પાઇપ વડે મારામારીમાં ઈજા થયેલ છે.તેઓને તપાસતા ઈજા નં.(૧) જમણી આંખ ઉપર એક કપાયેલો છુંદાયેલો ઘા,(૨) જમણી બાજુ માથામાં ૨ x ૨ સે.મી.નો કપાયેલો,છુંદાયેલો ઘા જોવા મળેલો,આ ઈજાઓ સાદી હતી અને સાત થી ચૌદ દિવસમાં સાજી થઇ શકે તેવી હતી. વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ જાકબ આમદ સાંધને હિસ્ટ્રી પુછતા તેઓએ જણાવેલ કે,લાકડી વડે મારામારીમાં ઈજા થયેલ છે.તેઓને તપાસતા ઈજા નં.(૧) માથામાં ૨ x ૨ સે.મી.નો એક કપાયેલો,છુંદાયેલો ઘા જોવા મળેલો,(૨) ડાબી બાજુ માથામાં એક સોજો જોવા મળેલો.આ ઈજાઓ સાદી હતી અને સાત થી ચૌદ દિવસમાં સાજી થઇ શકે તેવી હતી.વધુમાં જણાવેલ છે કે તેઓએ સદરહુ બન્ને ઈજા પામનારાઓને તપાસ્યા બાદ ઈજા અંગેનાં એમ. એલ.સી.સર્ટીફીકેટ ઇસ્યુ કરેલ.વધુમાં તેઓને જુબાની દરમિયાન એમ.એલ . સી.સર્ટીફીકેટ બતાવતા તે તેજ હોવાનું જણાવી તેમાં તેમની સહી તથા હોસ્પિટલનાં સિકકા ઓળખી બતાવે છે.સદરહુ એમ.એલ.સી.સર્ટીફીકેટ આંક:-૧૭૮ થી રજુ છે.વધુમાં જણાવેલ છે કે તા:-૨૬/૦૬/૨૦૧૫ નાં રોજ સી.એચ.સી.મુન્દ્રા મધ્યે તેમની ફરજ ઉપર હાજર હતા તે સમયે આરોપી નં.(૧) અબ્દ્રેમાન અલીમામદ સાંધ,(૨) ગુલામ આદમ અબ્દુલ્લા,(૩) સાલેમામદ અલીમાદ સાંધ,(૪) જાકબ આમદ સાંધ અને (૫) કાસમ આમદ સાંધનાં બ્લડ સેમ્પલ લેવા માટે પોલીસ યાદી સાથે મોકલી આપેલ. વધુમાં જણાવેલ છે કે આ તમામનાં સેમ્પલો લઇ સીલ કરી એફ.એસ.એલ. થવા માટે મોકલી આપેલ.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૨૯ થી ૩૩ વાળા બ્લ્ડ સેમ્પલો બતાવતા તે તેઓએ આરોપીઓનાં શરીર ઉપરથી મેળવેલા તે તેજ છે તેમ જણાવી ઓળખી બતાવે છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન ફોરવર્ડીંગ લેટર બતાવતા તેમાં તેમની સહી તથા હોસ્પિટલનાં સિકકા તથા નમુનાનું સીલ છે તે ઓળખી બતાવે છે.

સદરહુ ફોરવર્ડીંગ લેટર આંક:-૧૭૯ થી રજુ છે.વધુમાં જણાવેલ છે કે બાદ તેજ દિવસે ઈજા પામનાર (૧) રજબઅલી ફકીરમામદ જુણેજા તથા (૨) અઝીઝ હાજી જુણેજાનાં બ્લડ સેમ્પલ લેવા માટે પોલીસ ચાદી સાથે મોકલી આપેલ.આ તમામનાં સેમ્પલો લઈ સીલ કરી એફ.એસ.એલ.થવા માટે મોકલી આપેલ.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૨૭ અને ૨૮ વાળા બ્લડ સેમ્પલો બતાવ તે તેઓએ ઈજા પામનારાઓનાં શરીર ઉપરથી મેળવેલા તે તેજ છે તેમ જણાવી ઓળખી બતાવે છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન ફોરવર્ડીંગ લેટર બતાવતા તેમાં તેમની સહી,હોસ્પિટલનાં સિકકા તથા નમુનાનું સીલ છે તે ઓળખી બતાવે છે.સદરહુ ફોરવર્ડીંગ લેટર આંક:-૧૮૦ થી રજુ છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન બ્લડ સેમ્પલ તથા મરણ જનારનાં કપડા લઈને મોકલી આપવા અંગેની ચાદી બતાવતા તેમાં મળ્યા બદલની તેમની સહી ઓળખી બતાવે છે.સદરહુ ચાદી આંક:-૧૮૧ થી રજુ છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન આરોપીઓનાં બ્લડ સેમ્પલ લઈને મોકલી આપવા અંગેની ચાદી બતાવતા તેમાં મળ્યા બદલની તેમની સહી ઓળખી બતાવે છે.સદરહુ ચાદી આંક:-૧૮૨ થી રજુ છે.

(૨૨.૧) સદરહુ સાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે તેમને જે પી.એમ. કરવા માટે લાશ મળેલી તે આખી અકડાઈ ગયેલ હાલતમાં હતી.તે વાત કબુલ કરેલ છે કે અકડાવવાની પ્રક્રિયા મૃત્યુ પછીના ચાર પાંચ કલાક બાદ શરૂ થતી હોચ છે અને દશ બાર કલાક બાદ પુર્ણ થતી હોચ છે.તે વાત કબુલ કરેલ છે કે આ લાશ ઉપર જે આંતરિક ઈજા હતી તે બાહય ઈજાની આનુસંગિક ઈજા હતી.તે વાત કબુલ કરેલ છે કે સામાન્યરીતે કોઈ વ્યકિત બાઈક ઉપર જતી હોચ અથવા ચાલતી જતી હોચ અને નીચે પડી જાય અને ત્યાં સેન્ટીંગ ભરવાની ત્રીકોણ આકારની લોખંડની પટ્ટી પડી હોચ તો આવી ઈજા થઈ શકે,તેઓ જણાવે છે કે આ કેસમાં શકચ નથી.તે વાત કબુલ કરેલ છે કે તેમણે મુદામાલ હથિચારો પ્રથમ વખત જોચા છે.તે વાત કબુલ કરેલ છે કે

પોલીસે તેમનો અભિપ્રાય આ મુદામાલ હથિયારો બતાવી મેળવેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે ઈજા પામનાર રજબઅલી અને અઝીજને ઈજા કઈ જગ્યાએ,કેટલા વાગ્યે અને કોણે કરેલી છે તેવી હકીકત તેઓએ હિસ્ટ્રીમાં જણાવેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે ઈજા પામનાર પાંચ આરોપીઓને ફકત તેમની પાસે બ્લડ સેમ્પલ લેવા માટે મોકલેલ હતા.તે વાત કબુલ કરેલ છે કે ઈજા પામનાર પાંચ આરોપીઓ પૈકી બે આરોપીઓને તેમણે બ્લડ સેમ્પલ લીધેલ તે પહેલા તેઓને અંદરનાં દર્દી તરીકે સારવાર આપેલ,જેથી તેમણે તેને સારવાર બાબતનાં આ કામે સર્ટીફીકેટ આપેલા છે.વધુમાં જણાવેલ છે કે તેઓ એ કહી શકે નહી કે આ બે સારવાર લીધેલ આરોપીઓ ભોગ બનનાર વ્યકિતઓ હતી.

<u>**નાયબ મામલતદારનો પુરાવો**</u>

(૨૩) ફરિયાદપક્ષે નાયબ મામલતદાર સોમાભાઈ સેધાભાઈ સેનમા –એ આંક:–૧૬૭ થી સોગંદ ઉપર પુરાવો આપેલ છે અને સદરહુ સાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ વર્ષ ૨૦૧૫ માં મામલતદાર કચેરી,મુન્દ્રા મુકામે સર્કલ ઓફીસર તરીકે તેમની ફરજ બજાવતા હતા તે દરમિયાન તા:–૨૫/૦૬/૨૦૧૫ નાં રોજ પી.એસ.આઈ.શ્રી મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશન તરફથી મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૮/૨૦૧૫ ઈ.પી.કોડની કલમ–૩૦૨ વિગેરેના ગુન્હા કામનો બનાવ જે જગ્યાએ બનેલો,તે બનાવવાળી જગ્યાનો સ્થાનિક નકશો તૈયાર કરવા સબબની યાદી તથા સ્થાનિક પંચનામાની નકલ તેમની કચેરીને મળેલી.વધુમાં તેઓને જુબાની દરમિયાન યાદી બતાવતા તે તેજ હોવાનું જણાવી ઓળખી બતાવે છે.સદરહુ યાદી આંક:–૧૬૮ થી રજુ છે.વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ સદરહુ યાદી અન્વયે તા:–૧૫/૦૯/૨૦૧૫ નાં રોજ બનાવવાળી જગ્યાએ જઈ બનાવવાળી જગ્યાનો ચરતુદિશા સહિતનો વિગતવારનો નકશો તૈયાર કરીત તા:–૧૫/૦૯/૨૦૧૫ નાં રોજ મુન્દ્રા

મરીન પોલીસ સ્ટેશનને તેમણે ફોરવર્ડીંગ લેટર સાથે સદરહુ બનાવવાળી જગ્યાનો નકશો મોકલી આપેલ.વધુમાં તેઓને જુબાની દરમિયાન ફોરવર્ડીંગ લેટર બતાવતા તે તેજ હોવાનું જણાવી તેમાં તેમની સહી અને હોદાનો સિકકો ઓળખી બતાવે છે.સદરહુ ફોરવર્ડીંગ લેટર આંક:–૧૬૯ થી રજુ છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન બનાવવાળી જગ્યાનો નકશો બતાવતા તે તેજ હોવાનું જણાવી તેમાં તેમની સહી અને હોદાનો સિકકો ઓળખી બતાવે છે. સદરહુ બનાવવાળી જગ્યાનો નકશો આંક:–૧૭૦ થી રજુ છે.

(૨૩.૧) સદરહુ સાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે નકશામાં કોઇ માપ બતાવેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે નકશો યાદી મળ્યા બાદ દોઢેક મહિના બાદ બનાવેલ છે.વધુમાં જણાવેલ છે કે એ વાતની તેમને ખબર નથી કે આ નકશામાં બનાવવાળી જે જગ્યા બતાવેલી છે તે જાહેર જગ્યા હોઇ તેની પરિસ્થિતિમાં ફેરફાર થઇ શકે તેવી જગ્યા છે.તે વાત કબુલ કરેલ છે કે આ નકશો તેમણે સ્થાનિક પંચનામા ઉપરથી બનાવેલ છે.

## ફરિયાદીનો પુરાવો

(૨૪) ફરિયાદપક્ષે ફરિયાદી ઓસ્માણ અયુબ જુણેજાએ આંક:–૯૨ થી સોગંદ ઉપર પુરાવો આપેલ છે અને સદરહુ ફરિયાદીએ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે તેમને સંતાનમાં પાંચ દિકરા છે,તેમાં સૌથી મોટા દિકરાનું નામ સિધિક હતુ.વધુમાં જણાવેલ છે કે બનાવ તારીખ ૨૪/૦૬/૨૦૨૫ નાં રાત્રીનાં ૧૧ વાગ્યે બનેલો અને બનાવનાં દિવસે તેઓ તથા તેમનો દિકરો સિધિક,તેમનો ભત્રીજો અઝીજ હાજી જુણેજા તથા તેમનો ભત્રીજો રજબઅલી ફકીરમામદ જુણેજા વિગેરે તેમના ઘરની બાજુમાં આવેલ રહેમત મસ્જિદમાં નમાજ પઢવા ગયેલ અને નમાજ પઢીને તેઓ બહાર નીકળતા હતા ત્યારે રોડ ઉપર જાકબ આમદ સાંઘ,અબ્દ્રેમાન અલીમામદ સાંઘ,કાસમ આમદ સાંઘ,સાલેમામદ અલીમામદ સાંઘ,ગુલામ આમદ સાંઘ

વિગેરે પાંચ જણા ઉભા હતા અને તે સમયે જાકબ આમદનાં હાથમાં છરી હતી અને સાલેમામદ અલીમામદનાં હાથમાં છરી હતી,અબ્દ્રેમાન અલીમામદનાં હાથમાં ધોકો હતો,કાસમ આમદનાં હાથમાં ધોકો હતો અને ગુલામ આમદનાં હાથમાં પણ ધોકો હતો.જાકબ આમદે તેઓ બધાને ગાળો બોલીને તેઓને મારવા તુટી પડેલ અને તેણે કહેલ કે,આમાંથી આજે કોઈપણ જીવતો જવો ન જોઇએ અને જાકબ આમદે તેમના ભત્રીજા અઝીજને આંખની ઉપરનાં ભાગે છરીનો ઘા મારેલો.વધુમાં જણાવેલ છે કે તેમનો છોકરો સિધિક બનાવ સ્થળેથી ભાગતો હતો ત્યારે અબ્દ્રેમાન અલીમામદ,જાકબ આમદ,કાસમ આમદ એમ ત્રણેય જણાંએ તેમના દિકરા સિધિકને પકડી લીધેલ અને તેમના દિકરાને સાલેમામદ અલીમામદે કમરથી ઉપરનાં ભાગે છરીનો ઘા મારેલો અને બનાવ સ્થળે રાડારાડ થતા તેમના સિધિકની ઘરવાળી આવી ગયેલી તથા તેમની ઘરવાળી સકીનાબાઇ પણ આવી ગયેલા.ગુલામે તેમના છોકરાની ઘરવાળીને જેમ ફાવે તેમ ધોકા માર્યા અને બીજા જે વચ્ચે આવે તેને મનફાવે તેમ ધોકા મારેલા.વધુમાં જણાવેલ છે કે તેમના દિકરાને ઈજા થતા તેમના દિકરાને હોસ્પિટલમાં સારવાર માટે ૧૦૮ ગાડીમાં લઈ ગયેલા,તે સિવાય બીજા કોઇને ઈજા થયેલી નહી.વધુમાં જણાવેલ છે કે તેમના દિકરાને સરકારી હોસ્પિટલ,મુન્દ્રા લઈ ગયેલા ત્યાં મેડીકલ ઓફીસરે તેમના દિકરાને મરણ જાહેર કરેલો.વધુમાં જણાવેલ છે કે આ ઝઘડો થવાનું કારણ તારીખ ૨૩/૦૬/૨૦૧૫ નાં રોજ તેમના નાના છોકરા હમીદ રહેમદ મસ્જિદમાં હાલનાં આરોપીઓનાં છોકરા ગાળો બોલતા હતા તેથી તેમના છોકરાએ તેમને ના પાડેલી,તેનું મનદુ:ખ રાખીને બીજા દિવસે રાત્રી અગીયાર વાગ્યે તેમણે સિધિક ઓસ્માણ જુણેજાનું ખૂન કરી નાખેલ.વધુમાં જણાવેલ છે કે બનાવ બાબતે તેમણે ફરિયાદ આપેલી.વધુમાં તેઓને જુબાની દરમિયાન અસલ ફરિયાદ બતાવતા તેના દરેક પાના પર તેમની સહી ઓળખી બતાવે છે.સદરહુ ફરિયાદ આંક:-૯૩ થી રજુ છે.વધુમાં જણાવેલ છે કે આરોપીઓ તેમના ગામના હોવાથી તેમને ઓળખે છે અને નામદાર અદાલત સમક્ષ હાજર છે.

વધુમાં જણાવેલ છે કે આરોપીઓએ બનાવ સમયે વાપરેલ ધોકા અને હથિયારો છરી બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૨૫ વાળી છરી બતાવતા તે છરી બનાવ વખતે તેમણે જોયેલી તે નથી તેમ જણાવેલ છે અને મુદામાલ આર્ટીકલ નં.૨૨ વાળી છરી બતાવતા તે છરીનો હાથો જેછે તે આ રીતનો જ હતો પરંતુ તેમાં જે ધારદાર ભાગ હતો તે જરા લાંબો હતો અને હાલની છરીમાં તે ધારદાર છરીનો ભાગ ટુંકો છે તેમ જણાવેલ છે તેમજ મુદામાલ આર્ટીકલ નં.૨૦ વાળી લાકડી બતાવતા તે બનાવ વખતે આરોપીઓ વડે વાપરવામાં આવેલ તે જ છે અને મુદામાલ આર્ટીકલ નં.૨૪ વાળી લાકડી બતાવતા તે આરોપીઓએ બનાવ સમયે વાપરેલ તે નથી તેમ જણાવે છે તથા મુદામાલ આર્ટીકલ નં.૧૮ વાળી લાકડી જોઇને જણાવે છે કે તે આરોપીઓએ બનાવ સમયે વાપરેલ તે નથી.વધુમાં જણાવેલ છે કે તેઓ ત્રણ ચોપડી ભણેલા છે, તેમને થોડુ થોડું લખતા અને વાંચતા આવડે છે.

(૨૪.૧) સદર ફરિયાદીની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તેઓએ તે વાત કબુલ કરેલ છે કે સાડાઉ ગામમાં બે અલગ અલગ જમાત છે.તે વાત કબુલ કરેલ છે કે બન્ને કોમની મસ્જિદ અલગ-અલગ છે.વધુમાં પુછવામાં આવેલ છે કે જુણેજા અને સાંધ તેઓ પોત પોતાની મસ્જિદમાં નમાજ પઢે ? તેનાં જવાબમાં જણાવેલ છે કે બન્ને કોમનાં લોકો એકબીજાની મસ્જિદમાં નમાજ પઢી શકે.તે વાત કબુલ કરેલ છે કે તેમની એટલે જુણેજા લોકોની મસ્જિદ ગામની આથમણી બાજુ આવેલી છે અને સાંધ લોકોની મસ્જિદ ગામની ઉગમણી બાજુ આવેલી છે.તે વાત કબુલ કરેલ છે કે સાંધની જે મસ્જિદ આવેલી છે તેની આજુબાજુ સાંધ કોમના લોકો રહે છે.તે વાત કબુલ કરેલ છે કે તેમનો જુણેજા વાસ ગામની આથમણી બાજુમાં આવેલો છે.તે વાત કબુલ કરેલ છે કે તેમની જુણેજા સમાજની મસ્જિદ જુણેજા સમાજનાં ફળીયાની વચ્ચે આવેલી છે,આ બન્ને મસ્જિદો વચ્ચે આશરે પોણા કિ.મી.થી એક કિ.મી.જેટલુ અંતર હશે.તે વાત

કબુલ કરેલ છે કે મુસ્લિમ રિવાજ મુજબ દિવસમાં પાંચ વખત નમાજ પઢવાની હોય અને રમજાન હોય કે અન્ય તહેવાર હોય તો પણ નમાજ પાંચ વખત પઢવાની હોય છે.તે વાત કબુલ કરેલ છે કે પહેલી નમાજ સવારનાં પાંચ વાગ્યે,બીજી નમાજ દોઢ વાગ્યે,ત્રીજી નમાજ સાડા ચારથી પાંચનાં ગાળામાં,ચોથી નમાજ સુરજ આથમે પછી હોય તેનો સમય ચોકકસ હોતો નથી અને પાંચમી નમાજનો સમય ચોકકસ હોતો નથી.વધુમાં પુછવામાં આવેલ છે કે નમાજ પઢતી વખતે પંદરથી વીસ મિનીટ લાગે ? તેનાં જવાબમાં જણાવેલ છે કે રમજાન મહિનામાં કલાકથી દોઢ કલાકનો સમય લાગે.વધુમાં પુછવામાં આવેલ છે કે ઇદ સિવાયની કોઇપણ નમાજ અડધો કલાકથી વધારે સમય ન હોય ? તેનાં જવાબમાં જણાવેલ છે કે રમજાન મહિનામાં કલાકથી દોઢ કલાકનો સમય લાગે.તે વાત કબુલ કરેલ છે કે તેમના મરણ જનાર દિકરા અને તેમના ભત્રીજા સામે કેસ થયેલો છે.તે વાત કબુલ કરેલ છે કે આ કેસ આરોપી જાકબે કરેલ છે.વધુમાં જણાવેલ છે કે જાકબ અને કાસમને માર માર્યા બાબતની ફરિયાદ થયેલી છે.તે વાત કબુલ કરેલ છે કે તે ફરિયાદ અન્વયે તેમના ભત્રીજાઓ ગની હાજી,અજીજ હાજી,અસ્લમ ઓસ્માણ,રજબ ફકીરમામદના જામીન થયેલા.તે વાત કબુલ કરેલ છે કે તેમના મરણ જનાર દિકરાનું પણ તે કેસમાં આરોપી તરીકે નામ લખવામાં આવેલ.વધુમાં જણાવેલ છે કે મુન્દ્રાની હોસ્પિટલમાં તેઓ આશરે બાર વાગ્યાની આજુબાજુ પહોંચી ગયેલા ચોકકસ સમય યાદ નથી.તે વાત કબુલ કરેલ છે કે તેમના ગામથી મુન્દ્રા હોસ્પિટલ આશરે ચાર કિ.મી.જેટલુ થાય.તે વાત કબુલ કરેલ છે કે ચાર પૈડાનાં વાહનમાં તેમના ગામથી હોસ્પિટલ પહોંચતા આશરે પંદરથી વીસ મિનીટ જેટલો સમય લાગે.વધુમાં પુછવામાં આવેલ છે કે તમે મુન્દ્રા હોસ્પિટલ જવા કેટવા વાગ્યે નીકળેલા ? તેનાં જવાબમાં જણાવેલ છે કે ૧૦૮ ની ગાડી સાઢા અગીયાર વાગ્યે આવી અને પછી તેઓ તરત મુન્દ્રા હોસ્પિટલ જવા નીકળી ગયા.તે વાત કબુલ કરેલ છે કે ૧૦૮ ને બોલાવવા માટે તેમણે જાતે ફોન કરેલો નહી.તે વાત કબુલ કરેલ છે કે ૧૦૮ ને બોલાવા

કોણે ફોન કરેલો તે તેઓ કહી શકે નહી.વધુમાં જણાવેલ છે કે મુન્દ્રા હોસ્પિટલ જઈને તેમના દિકરા તથા ભત્રીજાને ડોકટર સારવાર આપતા હતા તેને તેઓ મળેલા.વધુમાં જણાવેલ છે કે તેમના દિકરાનાં ડોકટર સાથે વાતચીત થયેલી.વધુમાં જણાવેલ છે કે રાત્રે બારથી સવા બારની આજુબાજુ પોલીસ ત્યાં આવી ગયેલી અને પોલીસને તેમણે બોલાવેલી.વધુમાં જણાવેલ છે કે તેમણે બટુકસિંહને ફોન અગીયા–સાડા અગીયાર વાગ્યે કરેલો.તે વાત કબુલ કરેલ છે કે તેમણે સાડાઉ ગામથી બટુકસિંહને ફોન કરેલો.તે વાત કબુલ કરેલ છે કે બટુકસિંહ જે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા ત્યાંથી તેમનુ ગામ આશરે ચાર થી પાંચ કિ.મી.થાય.તે વાત કબુલ કરેલ છે કે સાડાઉ ગામે રાત્રે અગીયાર–સવા અગીયાર વાગ્યાની આસપાસ પોલીસ આવેલી.તે વાત કબુલ કરેલ છે કે અગીયાર સાડા અગીયાર વાગ્યે પોલીસ સાડાઉ ગામે આવેલી ત્યારે પણ તેમની વાતચીત થયેલી.તે વાત કબુલ કરેલ છે કે બનાવનાં સ્થળે પોલીસ આવી ત્યારે કોઈ ફરિયાદ તેમની કે બીજા કોઈની ફરિયાદ લીધેલી નહી.તે વાત કબુલ કરેલ છે કે અગીયાર સાડા અગીયાર વાગ્યે પોલીસ સાડાઉ ગામે આવેલી ત્યારે પી.એસ.આઈ.સાહેબ તથા પોલીસ સ્ટાફનાં બે ચાર માણસો તથા પોલીસવાન હતુ.વધુમાં જણાવેલ છે કે તેઓ એ કહી શકે નહી કે અગીયાર સાડા અગીયાર વાગ્યે પોલીસ આવી ત્યારે તેમનો દિકરો સિધિક ગુજરી ગયેલો કે કેમ ?વધુમાં જણાવેલ છે કે મુન્દ્રા હોસ્પિટલ ખાતે પોલીસ આવી તે પહેલા બટુકસિંહ સાથે મારે એકજ વખત ફોન પર વાતચીત થયેલી.તે વાત કબુલ કરેલ છે કે તેમના છોકરાની ઘરવાળી –એ કોઈ જગ્યાએ હોસ્પિટલમાં સારવાર લીધેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે તેમણે જે હથિયારો જોયેલ છે તે પ્રથમ વખત જોયેલ છે.વધુમાં જણાવેલ છે કે ફરિયાદમાં તેમણે આશરે રાત્રે દોઢ વાગ્યે સહી કરેલ હશે અને તેમણે ફરિયાદમાં જે સહી કરેલી તે તેમણે દવાખાનામાં કરેલી.તે વાત કબુલ કરેલ છે કે મસ્જિદની સામેની બાજુ દુકાનો આવેલી છે.તે વાત કબુલ કરેલ છે કે આરોપીઓ તેઓનાં ગામના હોઈ ઓળખે છે.

**<u>અન્ય સાહેદોનો પુરાવો</u>**

(૨૫) ફરિયાદપક્ષે સાહેદ રજબઅલી ફકીરમામદ જુણેજાએ આંક:- ૧૬૧ થી પુરાવો આપેલ છે અને સદરહુ સાહેદે સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે બનાવ આશરે છ વર્ષ પહેલા બનેલો અને તે દિવસે રાત્રીનાં આશરે અગીયારેક વાગ્યે તેઓ તથા તેમના કૌટુંબીક કાકા ઓસમાણ અયુબ તથા તેનો દિકરો સિધિક તથા અઝીજ જુણેજા તેઓ બધા ઓસમાણ કાકાનાં ઘરની બાજુમાં આવેલ રહેમત મસ્જિદમાં નમાજ પઢવા માટે ગયેલ હતા અને નમાજ પઢીને બહાર નીકળેલા ત્યારે રસ્તા ઉપર આ બનાવ બનેલો.વધુમાં જણાવેલ છે કે બનાવમાં શું બનેલ તેની તેમને ખબર નથી.વધુમાં જણાવેલ છે કે બનાવનાં આગળનાં દિવસે તેઓ પડી ગયેલા જેથી તેમને માથામાં ઈજા થયેલી.વધુમાં જણાવેલ છે કે આરોપીઓ તેમના ગામનાં હોઇ તેમને ઓળખે છે અને નામદાર અદાલતમાં ઓળખી બતાવેલ છે.વધુમાં જણાવેલ છે કે બનાવમાં તેમના કાકાનાં દિકરા સિધિકને કોઇએ માર મારેલ હોય અને તેઓ વચ્ચે છોડાવવા ગયેલ હોય તેવુ બનેલ નથી અને આવી કોઇ મારામારીમાં સિધિક મરણ ગયેલ હોય તેવુ પણ બનેલ નથી.વધુમાં જણાવેલ છે કે આ કામનાં સાહેદ અઝીજ હાજી જુણેજા તેમના કૌટુંબીક સગા થાય છે તેને પણ આ બનાવમાં ઈજા થયેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં જણાવેલ છે કે પોલીસે બનાવ બાબતે તેમનો જવાબ લીધેલો.વધુમાં જણાવેલ છે કે તેમણે તેમના કોઇ કપડા પોલીસને આપેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૧ વાળા કપડા બતાવતા આવા કોઇ કપડા તેમણે પોલીસને આપેલ નથી તેમ જણાવેલ છે અને મુદામાલ આર્ટીકલ નં.ર વાળા કપડા બતાવતા આ કપડા બનાવ સમયે તેમના કૌટુંબીક સગા અઝીજ હાજી જુણેજાએ પહેરેલા હોય અને પોલીસે કબ્જે કરેલા હોય તેવુ બનેલ નથી તેમ જણાવેલ છે. વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૩ વાળા કપડા બતાવતા આ કપડા બનાવ સમયે તેમના કાકાનાં દિકરા સિધિકે

પહેરેલા હોય અને પોલીસે કબ્જે કરેલા હોય તેવુ બનેલ નથી તેમ જણાવેલ છે. વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૨૨ તથા ૨૫ વાળી છરીઓ તથા મુદામાલ આર્ટીકલ નં.૧૮,૨૦,૨૪ વાળી લાકડીઓ બતાવતા સદરહુ મુદામાલ અંગે તેઓ કાંઇ જાણતા નથી તેમ જણાવેલ છે.

(૨૫.૧) સદરહુ સાહેદ તેમના પોલીસ રૂબરૂનાં નિવેદનની હકીકતને કે ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોઇ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં તેમના પોલીસ રૂબરૂની હકીકતને કે ફરિયાદની હકીકતને સમર્થન કરતો કોઇ પુરાવો મળી આવેલ નથી.

(૨૫.૨) સદરહુ સાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે પોલીસે માત્ર મારુ નામઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલ નહી.તે વાત કબુલ કરેલ છે કે તેઓ તેમના ઘરે પડી ગયેલા એટલે તેમને વાગેલુ.તે વાત કબુલ કરેલ છે કે સિધિકને તેનાં પિતા દવાખાને લઇ ગયેલા અને તેઓ તેને ત્યાં મળ્યા હતા.તે વાત કબુલ કરેલ છે કે તેમને આ સમયે તેમના કાકા ઓસમાણભાઇએ એવુ જણાવેલ કે,સિધિક બાઇક લઇને આવતો હતો ત્યારે તે સેન્ટીંગવાળી જગ્યા જયાં મકાનનું કામ ચાલુ હતુ ત્યાં પડી જતા,તેને પેટમાં પટ્ટી વાગેલ છે.તે વાત કબુલ કરેલ છે કે તેમના કાકા ઓસમાણભાઇએ તેમની હાજરીમાં પોલીસને પણ એવુ જણાવેલ કે,સિધિકને પેટમાં પટ્ટી વાગી ગયેલ હોઇ તેને ઇજા થયેલ છે.તે વાત કબુલ કરેલ છે કે આ વાતચીત તા:-૨૪/૦૬/૨૦૧૫ નાં રોજ રાત્રીનાં કલાક અગીયાર બાર વાગ્યે થઇ હતી.તે વાત કબુલ કરેલ છે કે તેમના કાકાઇ ભાઇ સિધિકનું મૃત્યુ પેટમાં પટ્ટી વાગવાનાં કારણે થયુ હતુ.તે વાત કબુલ કરેલ છે કે આરોપીઓ તેમના ગામનાં થતા હોવાથી તેઓ તેને ઓળખે છે.તે વાત કબુલ કરેલ છે કે તેમના કાકાઇ ભાઇ કોઇએ છરી મારેલ હોય અને તેનુ મૃત્યુ થયેલ હોય તેવુ બનેલ નથી.તે વાત કબુલ કરેલ છે

કે અઝીજને પણ જે ઈજાઓ થયેલ તે પડવાથી થયેલી તેઓને કોઈએ મારેલુ નહી.તે વાત કબુલ કરેલ છે કે તેમના કાકા ઓસમાણભાઈએ પણ તેમને એવુ જણાવેલ નથી કે સિધિકનું મૃત્યુ છરી વાગવાથી થયેલુ છે.

(૨૬) ફરિયાદપક્ષે સાહેદ અઝીજ હાજી જુણેજાએ આંક:-૧૬૩ થી પુરાવો આપેલ છે અને સદરહુ સાહેદે તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે બનાવ આશરે છ વર્ષ પહેલા બનેલો અને બનાવનાં દિવસે રાત્રીનાં આશરે અગીયારેક વાગ્યે તેઓ તથા તેમના કૈટુંબીક કાકા ઓસમાણ અયુબ તથા તેનો દિકરો સિધિક તથા રજબઅલી જુણેજા તેઓ બધા ઓસમાણ કાકાનાં ઘરની બાજુમાં આવેલ રહેમત મસ્જિદમાં નમાજ પઢવા માટે ગયેલ હતા અને નમાજ પઢીને બહાર નીકળેલા ત્યારે રસ્તા ઉપર આ બનાવ બનેલો.વધુમાં જણાવેલ છે કે બનવામાં શું બનેલ તેની તેમને ખબર નથી.વધુમાં જણાવેલ છે કે બનાવનાં આગળાનાં દિવસે તેઓ પડી ગયેલા જેથી તેમને ડાબી આંખની ઉપર ઈજા થયેલી.વધુમાં જણાવેલ છે કે આરોપીઓ તેમના ગામના હોઈ તેઓ તેને ઓળખે છે અને નામદાર અદાલતમાં ઓળખી બતાવે છે.વધુમાં જણાવેલ છે કે બનાવમાં તેમના કાકાનાં દિકરા સિધિકને કોઈએ મારે મારેલ હોય અને તેઓ વચ્ચે છોડાવવા ગયેલ હોય તેવુ બનેલ નથી અને આવી કોઈ મારામારીમાં સિધિક મરણ ગયેલ હોય તેવુ પણ બનેલ નથી.વધુમાં જણાવેલ છે કે સાહેદ રજબઅલી જુણેજા તેમના કૈટુંબિક સગા થાય છે તેમને પણ આ બનાવમાં ઈજા થયેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં જણાવેલ છે કે પોલીસે બનાવ બાબતે તેમનો જવાબ લીધેલો.વધુમાં જણાવેલ છે કે તેમણે તેમના કોઈ કપડા પોલીસને આપેલ હોય તેવુ બનેલ નથી.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૨ વાળા કપડા બતાવતા આવા કોઈ કપડા તેમણે પોલીસને આપેલ નથી તેમ જણાવેલ છે અને મુદામાલ આર્ટીકલ નં.૧ વાળા કપડા બતાવતા આ કપડા બનાવ સમયે તેમના કૈટુંબીક સગા રજબઅલી જુણેજાએ પહેરેલા હોય

અને પોલીસે કબ્જે કરેલા હોય તેવુ બનેલ નથી તેમ જણાવેલ છે. વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૩ વાળા કપડા બતાવતા આ કપડા બનાવ સમયે તેમના કાકાનાં દિકરા સિધિકે પહેરેલા હોય અને પોલીસે કબ્જે કરેલા હોય તેવુ બનેલ નથી તેમ જણાવેલ છે. વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૨૨ તથા ૨૫ વાળી છરીઓ તથા મુદામાલ આર્ટીકલ નં.૧૮,૨૦,૨૪ વાળી લાકડીઓ બતાવતા સદરહુ મુદામાલ અંગે તેઓ કાંઇ જાણતા નથી તેમ જણાવેલ છે.

(૨૬.૧) સદરહુ સાહેદ તેમના પોલીસ રૂબરૂનાં નિવેદનની હકીકતને કે ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોઇ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં તેમના પોલીસ રૂબરૂની હકીકતને કે ફરિયાદની હકીકતને સમર્થન કરતો કોઇ પુરાવો મળી આવેલ નથી.

(૨૬.૨) સદરહુ સાહેદની આરોપીઓનાં વિ.વકીલશ્રીઓ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે પોલીસે માત્ર મારુ નામઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઇ પુછેલ નહી.તે વાત કબુલ કરેલ છે કે તેઓ તેમના ઘરે પડી ગયેલા એટલે તેમને વાગેલુ.તે વાત કબુલ કરેલ છે કે તેમના કાકાઇ ભાઇ તેમને સારવાર માટે લઇ ગયેલા.તે વાત કબુલ કરેલ છે કે સિધિકને તેનાં પિતા દવાખાને લઇ ગયેલા અને તેઓ તેને ત્યાં મળ્યા હતા.તે વાત કબુલ કરેલ છે કે તેમને આ સમયે તેમના કાકા ઓસમાણભાઇએ એવુ જણાવેલ કે,સિધિક બાઇક લઇને આવતો હતો ત્યારે તે સેન્ટીંગવાળી જગ્યા જયાં મકાનનું કામ ચાલુ હતુ ત્યાં પડી જતા,તેને પેટમાં પટ્ટી વાગેલ છે.તે વાત કબુલ કરેલ છે કે તેમના કાકા ઓસમાણભાઇએ તેમની હાજરીમાં પોલીસને પણ એવુ જણાવેલ કે,સિધિકને પેટમાં પટ્ટી વાગી ગયેલ હોઇ તેને ઇજા થયેલ છે.તે વાત કબુલ કરેલ છે કે આ વાતચીત તા:-૨૪/૦૬/૨૦૧૫ નાં રોજ રાત્રીનાં કલાક અગીયાર બાર વાગ્યે થઇ હતી.તે વાત કબુલ કરેલ છે

કે તેમના કાકાઇ ભાઇ સિધિકનું મૃત્યુ પેટમાં પટ્ટી વાગવાનાં કારણે થયુ હતુ.તે વાત કબુલ કરેલ છે કે આરોપીઓ તેમના ગામનાં થતા હોવાથી તેઓ તેને ઓળખે છે.તે વાત કબુલ કરેલ છે કે તેમના કાકાઇ ભાઇ કોઇએ છરી મારેલ હોય અને તેનુ મૃત્યુ થયેલ હોય તેવુ બનેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે અઝીજને પણ જે ઇજાઓ થયેલ તે પડવાથી થયેલી તેઓને કોઇએ મારેલુ નહી.તે વાત કબુલ કરેલ છે કે તેમના કાકા ઓસમાણભાઇએ પણ તેમને એવુ જણાવેલ નથી કે સિધિકનું મૃત્યુ છરી વાગવાથી થયેલુ છે.

(૨૭) ફરિયાદપક્ષે સાહેદ મરીયમબાઇ મામદ જુણેજાએ આંક:- ૨૫૭ થી સોગંદ ઉપર પુરાવો આપેલ છે અને સદરહુ સાહેદે સરતપાસમાં જણાવેલ છે કે બનાવ સાત-આઠ વર્ષ પહેલા બનેલો અને તે દિવસે રાત્રીનાં તે તેમના ઘરે હતા અને રમજાન માસ ચાલુ હતો અને તેમના ઘરની બાજુમાં મસ્જિદમાં લોકો નમાજ પઢવા માટે આવેલ હતા ત્યાં ઝઘડાનો અવાજ થતા તેઓ ત્યાં ગયેલા અને ત્યાં માણસો ઝઘડા કરતા હતા પરંતુ કોણ માણસો હતા તેની તેમને ખબર નથી,તેમાં કોઇએ કોઇ હથિયાર વડે કોઇ ઇસમોએ કોઇ ઇજા કરેલી હોય તેવું કાંઇ બનેલ નથી કે કોઇને ઇજા થયેલી હોય કે કોઇનું મરણ થયેલું હોય તેવું પણ બનેલ નથી.વધુમાં જણાવેલ છે કે બનાવ બાબતે પોલીસે તેમનુ નિવેદન લીધેલુ.વધુમાં જણાવેલ છે કે આરોપીઓ તેમના ગામનાં હોઇ તેને ઓળખે છે.વધુમાં જણાવેલ છે કે તેમણે કોઇ હથિયાર જોયેલ ન હોઇ જેથી કોઇ મુદામાલ હથિયાર બતાવવામાં આવે તો ઓળખી શકે નહી.

(૨૭.૧) સદરહુ સાહેદ તેમના પોલીસ રૂબરૂનાં નિવેદનની હકીકતને કે ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોઇ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં તેમના પોલીસ રૂબરૂની હકીકતને કે ફરિયાદની હકીકતને સમર્થન કરતો કોઇ પુરાવો મળી આવેલ

નથી.

(૨૭.૨) સદરહુ સાહેદની આરોપીઓનાં વિ.વકીલશ્રીઓ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે તેઓએ કોઇ બનાવ નજરો નજર જોયેલ નથી.તે વાત કબુલ કરેલ છે કે પોલીસે ફકત તેમનુ નામઠામ પુછા કરેલ તે સિવાય બીજી કોઇ હકીકત પુછા કરેલ નથી કે તેઓએ પોલીસને જણાવેલ નથી.

(૨૮) ફરિયાદપક્ષે સાહેદ સફીર ઓસમાણ જુણેજાએ આંક:-૨૭૨ થી સોગંદ ઉપર પુરાવો આપેલ છે અને સદરહુ સાહેદે સરતપાસમાં જણાવેલ છે કે તેઓ પાંચ ભાઇઓ છે,જેમાં સૌથી મોટાભાઇનું નામ સિધિક છે,જે મૃત્યુ પામેલ છે,બીજાનું નામ સિકંદર છે તેમજ તેના પછી તેઓ છે અને ત્યારબાદ રશીદ અને હમીદ છે.વધુમાં જણાવેલ છે કે બનાવ તા:-૨૪/૦૬/૨૦૧૫ નાં રોજ તે સમયે રમજાન માસ હતો ત્યારે રાત્રીનાં આશરે અગીયારેક વાગ્યે રહેમત મસ્જિદ જે તેમના ઘરની બાજુમાં આવેલ છે ત્યાં બનાવ બનેલો.વધુમાં જણાવેલ છે કે બનાવ બન્યો તે પહેલા રમજાન માસ હોઇ મસ્જિદે નમાજ પડવા ગયેલ હતા અને નમાજ પડી તેઓ તથા રશીદ,સિકંદર અને હમીદ ઘરે આવી ગયેલ હતા અને તેમના પિતા તથા તેમના ભાઇ સિધિક નમાજ પડી ઘરે પરત આવેલ ન હતા.થોડા સમય બાદ રહેમત મસ્જિદ બાજુ રાડારાડ અને ઝઘડાનો અવાજ થતા તેઓ,તેમના મમ્મી,તેમના ભાઇઓ તથા તેમની મા તથા તેમના ભાભી અમીના સિધિક બધા દોડીને મસ્જિદ બાજુમાં રસ્તો છે ત્યાં રસ્તા ઉપર આવી ગયેલા અને ત્યાં જઇને જોતા જાકબ સાંધનાં હાથમાં છરી હતી,સાલેમામદનાં હાથમાં છરી હતી,ગુલામ,અબ્દ્રેમાન તથા કાસમનાં હાથમાં ધોકા હતા.વધુમાં જણાવેલ છે કે ત્યાં તેમના કાકાઇ ભાઇ અઝીજ જુણેજા તથા તેમના ભાઇ સિધિક તથા તેમના કુટુંબી ભાઇ રજબઅલી જુણેજા સાથે બોલાચાલી કરી ગાળાગાળી કરતા હતા.આ તમામ લોકો ઉશ્કેરાઇ જઇ તેમના ભાઇ સિધિક તથા અઝીજ,રજબઅલી,તેમના પપ્પા ઓસમાણ ઉપર

પોતાના હાથમાં રહેલ હથિયારથી મારવા લાગેલા,આ દરમિયાન તેમના ભાઇ સિધિકને કાસમ,જાકબ સાંધ અને અબ્દ્રેમાને પકડી રાખેલ અને જાક જોર જોરથી કહેતાો હતો કે,'' સિધીક બચવો ન જોઇએ અને આ દરમિયાન સાલેમામદે પોતાના હાથમાંની છરીથી તેમના ભાઇને જમણી બાજુએ કમરનાં પાછળનાં ભાગે છરી મારેલી અને તેઓ તથા તેમના મમ્મી શકીનાબેન અને તેમના ભાભી અમીનાબાઇ વચ્ચે છોડાવવા પડતા તેઓ બધાને પણ મુંઢમાર ઇજાઓ કરેલી,આ દરમિયાન તેમનો ભાઇ નીચે પડી ગયેલો તેને બહુ લોહી નીકળતુ હતુ અને તે નીચે ઢળી પડેલો જેથી તેઓ તેમના મમ્મી તથા તેમના ભાભીએ ટીંગાટોડી કરી બાજુમાં જે અલીમામદ જુણેજાનો ઘર છે ત્યાં આંગણામાં લઇ ગયેલા અને ત્યાં તેમના ભાઇ સિધિક બેભાન થઇ ગયેલો એવામાં કોઇકે ફોન કરતા ૧૦૮ એમ્બ્યુલન્સ ત્યાં આવી ગયેલી અને તેઓ તથા તેમના ભાઇ રશીદ,હમીદ તથા તેમના કાકાઇ ભાઇ જાકબ મળી તેમના ભાઇ સિધિક તથા અઝીજ જુણેજા અને રજબઅલી ફકીરમામદને ૧૦૮ એમ્બ્યુલન્સમાં મુન્દ્રા સરકારી હોસ્પિટલ સારવાર માટે લઇ ગયેલા અને ત્યાં તેમના ભાઇ સિધિકને ડોકટરે તપાસ જણાવેલ કે તે મરણ ગયેલ છે.વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ તેમના ભાઇ સિધિકનો પોસ્ટમોર્ટમ કરી તેઓને લાશ સોંપતા તેને ઘરે લઇ જઇ તેની દફનવિધી કરેલી.વધુમાં જણાવેલ છે કે બનાવનું કારણ એ છે કે તેમના ભાઇ અઝીજને અબ્દ્રેમાનની ઘરવાળી સાથે ઝઘડો થયેલ હતો તેનું મનદુ:ખ હતુ તેમજ બનાવનાં એક દિવસ આગળ રાત્રીનાં નાના છોકરાઓ મસ્જિદ પાસે ગાળો બોલતા હતા ત્યારે તેમના નાના ભાઇ હમીદે ગાળો બોલતા ઠપકો આપેલ,જેનું મનદુ:ખ રાખી હાલનો આ બનાવ બનેલ,જેમાં તેમના ભાઇ સિધિકનું મરણ થયેલ છે અને તેમના કાકાઇ ભાઇ અઝીજ તથા રજબઅલીને ઇજાઓ થયેલ છે.વધુમાં જણાવેલ છે કે તેમના કાકાઇ ભાઇ અજીઝને ડાબી આંખનાં ઉપરનાં ભાગે છરી વડે ઇજા થયેલી અને આ ઇજા જાકબ આમદ સાંધે પહોંચાડેલી.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૧૮,૨૦ અને ૨૪ વાળી લાકડી તથા ૨૨ અને

૨૫ વાળી છરી બતાવતા તે આરોપીઓનાં હાથમાં હતી તે તેજ છે.વધુમાં જણાવેલ છે કે આરોપીઓને ઓળખે છે અને આરોપી નં.(૧) ને ઓળખી બતાવે છે તેમજ અન્ય આરોપીઓ હાજર હોય તો ઓળખી બતાવે.

(૨૮.૧) સદરહુ સાહેદની આરોપીઓનાં વિ.વકીલશ્રીઓ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે તેઓની સાડાઉ ગામમાં બે અલગ અલગ જમાતો છે અને આ બે જમાતોની અલગ અલગ મસ્જીદો છે.તે વાત કબુલ કરેલ છે કે જુણેજાની મસ્જીદ ગામની પિશ્ચમ તરફ અને સાંધ જમાતની મસ્જીદ પુર્વ બાજુએ આવેલી છે.તે વાત કબુલ કરેલ છે કે તેમનો વાસ ગામની પિશ્ચમ તરફ તથા સાંધનો વાસ ગામની પુર્વ તરફ આવેલ છે.વધુમાં જણાવેલ છે કે આ બન્ને મસ્જીદો અને વાસ વચ્ચે અડધાથી પોણા કિ.મી.નું અંતર છે.તે વાત કબુલ કરેલ છે કે તેમના મુસ્લીમ ધર્મ મુજબ દિવસમાં પાંચ વખત નમાજ પઢવાની હોય છે.તે વાત કબુલ કરેલ છે કે રમજાન હોય તો પણ પાંચ  જ વખત નમાજ પઢવાની હોય છે.તે વાત કબુલ કરેલ છે કે પહેલી નમાજ સવારનાં પાંચ વાગ્યે હોય,બીજી નમાજ દોઢ વાગ્યે ત્રીજી નમાજ સાડા ચારથી પાંચનાં ગાળામાં હોય અને ચોથી નમાજ દિવસ આથમે ત્યારે હોય અને પાંચમી નમાજ રાત્રીનાં સાડા આઠ નવની આજુબાજુ હોય છે.વધુમાં તેઓને પુછવામાં આવેલ છે કે નમાજ પઢવામાં સામાન્યરીતે પંદરથી વીસ મિનીટ લાગે છે ? તેનાં જવાબમાં જણાવેલ છે કે રમજાનમાં રાત્રે જે છેલ્ળી નમાજ હોય છે તેમાં એક કલાકથી માંડીને એક કલાક વીસ મિનીટ જેવુ લાગે. વધુમાં જણાવેલ છે કે તેમને એ વાતની ખબર નથી કે તેમના મરણ જનાર ભાઇ તથા ઉપરોકત વ્યકિતઓ વિરૂઘ્ધ કેસ પણ થયેલો તેમજ તેઓની ધરપકડ પણ થયેલી અને હાલે આ કોર્ટમાં તે કેસ પેન્ડીંગ પણ છે.વધુમાં જણાવેલ છે કે તેમના ભાઇવાળો જે બનાવ બનેલો તે વખતે તેમના ભાઇએ હોસ્પિટલ લઇ ગયેલા તે વખતે તેઓ હોસ્પિટલ ગયેલા.વધુમાં જણાવેલ છે કે  તેમના ભાઇને ૧૦૮ માં હોસ્પિટલ લઇ ગયેલા.વધુમાં જણાવેલ છે કે એ વાત તેમને ખબર નથી કે ૧૦૮ ને કોણે ફોન કરેલો.વધુમાં

જણાવેલ છે કે તેઓ મુન્દ્રા હોસ્પિટલ બનાાવ બન્યાનાં આશરે દોઢ થી બે કલાક બાદ પહોંચેલા ચોકકસ કેટલા વાગ્યે પહોંચેલા તે કહી શકે નહી.તે વાત કબુલ કરેલ છે કે તેમના ગામથી મુન્દ્રા ચાર કિ.મી.થાયછે.વધુમાં જણાવેલ છે કે તેમના ગામથી મુન્દ્રા પહોંચતા ટ્રાફીક હોય તો પંદર મિનીટ અને ટ્રાફીક ન હોય તો દશ મિનીટ લાગે.વધુમાં જણાવેલ છે કે તેમના ભાઇને મુન્દ્રા દવાખાને લઇ જવા માટે સાડાઉ ગામથી કેટલા વાગ્યે નીકળેલા તે તેઓ ચોકકસ કહી શકે નહી અને તે દિવસે હોસ્પિટલ પહોંચતા તેઓને આશરે દશ મિનીટ લાગેલ હશે.વધુમાં જણાવેલ છે કે તેમના ગામમાં સામાન્યરીતે નવ વાગ્યા સુધી છકડા મળી જાય છે.તે વાત કબુલ કરેલ છે કે નમાજ તેમના ગામની જે મસ્જીદો છે તેમાં પઢાય છે.તે વાત કબુલ કરેલ છે કે તેમના ભાઇને જયારે દવાખાને લઇ ગયેલા ત્યારે તેઓ પણ ડોકટર પાસે ગયેલા.વધુમાં જણાવેલ છે કે એ વાત પણ તેમને ખ્યાલ નથી કે તેઓ ત્રણ ચાર જણા જે તેમના ભાઇને મુન્દ્રા હોસ્પિટલ લઇ ગયેલા અને જે ડોકટરે તેમના ભાઇને તપાસેલ તેની સાથે તેમને કોઇ વાતચીત થયેલી કે કેમ.તે વાત કબુલ કરેલ છે કે તેઓ તેમના ભાઇને લઇને ડોકટર પાસે ગયેલા ત્યારે તેમણે કે તેમના ભાઇઓએ ડોકટરને એવુ કહેલ નહી કે તે વખતે તેમના ભાઇ સિધિકને હથિયાર વડે ઇજા થયેલ છે.વધુમાં જણાવેલ છે કે તેમને એ વાતની ખબર નથી કે મુન્દ્રા હોસ્પિટલમાં તેમની હાજરીમાં પોલીસ આવેલી કે કેમ કારણકે તે વખતે આવો બનાવ બનેલ હોવાથી તેઓ અવાચક બની ગયેલા.વધુમાં જણાવેલ છે કે એ વાતની તેમને ખબર નથી કે બનાવ પછી તેઓ અને તેમના કુટુંબીજનો જયારે સાડાઉ ગામમાં હતા ત્યારે પોલીસ આવેલી કે કેમ.તે વાત કબુલ કરેલ છે કે પોલીસ રાત્રીનાં સાડાઉ કે મુન્દ્રા કયાં આવેલી તેની તેમને ખબર નથી.તે વાત કબુલ કરેલ છે કે દરેક જમાતનાં મોલાના અલગ અલગ હોય અને પોતાનીરીતે નમાજ પઢાવે છે.તે વાત કબુલ કરેલ છે કે તેમના ઘરો દિવાલવાળા તથા દરવાજાથી પેક છે.વધુમાં પુછવામાં આવેલ છે કે સમાન્યરીતે ઘરની બેન દિકરીઓ કામ કરતી કે હરતી ફરતી કોઇ રસ્તે ચાલતો

માણસ જોઈ ના શકે તેથી ઘરની દિવાલ તે મુજબ ઉંચી રાખવામાં આવે છે અને તમારા ઘરની દિવાલ પણ જોઈ ન શકાય એટલી ઉંચી છે ? તેનાં જવાબમાં જણાવે છે કે આ વાત ખોટી છે અને તેમના ઘરની દિવાલ બહારથી સાડા છ ફુટ લાગે અને અંદરથી ચાર ફુટ જેવી છે તેથી તેમના ઘરમાં ઉભા થવાથી બધુ દેખાય છે.તે વાત કબુલ કરેલ છે કે તેમના ઘરથી આગળ બીજા ચાર થી પાંચ ઘરો આવેલા છે.તે વાત કબુલ કરેલ છે કે તેમનો ભાઈ સિધિક સેન્ટ્રીંગનાં કામે જતો હતો.તે વાત કબુલ કરેલ છે કે ઝઘડો શરૂ થયેલો તે વખતે તેઓ ત્યાં હતા નહી અને ઝઘડો શરૂ થતી વખતે તેઓ ત્યાં હાજર ન હોવાથી કોણે કરેલો તે તેઓ કહી શકે નહી.વધુમાં જણાવેલ છે કે તેમને પોલીસ તા:-૨૬/૦૬/૨૦૧૫ નાં રોજ મળેલી અને બનાવની પુછપરછ કરેલી અને પોલીસે તેમની પુછપરછ પોલીસ સ્ટેશનમાં કરેલી.વધુમાં જણાવેલ છે કે પોલીસે પુછપરછ માટે તેમને કયારે બોલાવેલો તે તેઓ કહી શકે નહી.તે વાત કબુલ કરેલ છે કે સવાર, બપોર કે સાંજ તેવીરીતે પણ તેમને પોલીસે કયારે પુછપરછ કરેલી તેની ખબર નથી.આ વાત એટલેકે સવાર બપોર સાંજવાળી વાત તેમને સદમા(શોક) તથજા સતત બે દિવસનાં રોઝાનાં કારણે ખબર નથી.વધુમાં જણાવેલ છે કે તેમણે પોલીસ નિવેદન એક વખત વાંચેલુ.વધુમાં જણાવેલ છે કે તેઓ  એમ. બી.એ.સુધી ભણેલ છે.તે વાત કબુલ કરેલ છે કે તેઓ બેન્કમાં નોકરી કરે છે.તે વાત કબુલ કરેલ છે કે તેમની સરતપાસ લેવાઈ તે પહેલા તેમણે તેમનુ પોલીસ નિવેદન વાંચેલુ. વધુમાં જણાવેલ છે કે તેઓ પોસ્ટ ગ્રેજયુએટ થયેલ છે.તે વાત કબુલ કરેલ છે કે તેમણે તેમનુ પોલીસ નિવેદન વાંચેલુ તેમાં જે હકીકત લખેલ હતી તે મુજબ તેમણે તેમની સરતપાસ લખાવેલી.તે વાત કબુલ કરેલ છે કે તેમના કહેવા મુજબ ગુજરનાર તેમના ભાઈ સિધિકને જયારે મુન્દ્રા હોસ્પિટલમાં દાખલ કરેલ ત્યારે તેઓ હાજર હતા.તે વાત કબુલ કરેલ છે કે તેમના ભાઈને મુન્દ્રા હોસ્પિટલ દાખલ કરેલ ત્યારે મુન્દ્રા હોસ્પિટલનાં ડોકટરશ્રીને તેમના ગુજરનાર ભાઈને કોણે ઈજા કરેલ અને કઈ જગ્યાએ ઈજા કરેલ અને કયા હથિયારથી

કરેલ તેની કોઇ વિગત આપેલ નહી.તે વાત કબુલ કરેલ છે કે જયારે તેઓ મુન્દ્રા હોસ્પિટલ હતા અને પોલીસ આવી તેને તેમના ગુજરનાર ભાઇને કોણે ઇજા કરેલ અને કઇ જગ્યાએ કરેલ અને કયા હથિયારથી કરેલ તેની કોઇ વિગત આપેલ નહી.વધુમાં જણાવેલ છે કે તેમના ભાઇનો જે બનાવ બન્યો તેના એક બે દિવસ રહીને તેઓ પોલીસ સ્ટેશન ગયેલા અને પોલીસ તેમના ઘરે આવેલ હોઇ તેઓ પોલીસ સ્ટેશન ગયેલા.તે વાત કબુલ કરેલ છે કે તેમના ભાઇવાળો બનાવ બનેલ ત્યારબાદ તેમના અને આરોપીઓનાં સમાજ વચ્ચે બે અલગ અલગ જુથ પડી ગયા.તે વાત કબુલ કરેલ છે કે મુન્દ્રા હોસ્પિટલમાં તેઓ હતા ત્યારે પોલીસ તેમને મળેલી નહી.તે વાત કબુલ કરેલ છે કે આરોપીઓ તેમના ગામના હોઇ ઓળખે છે.

(૨૯) ફરિયાદપક્ષે સાહેદ સકિનાબાઇ ઓસમાણ જુણેજાએ આંક:-૨૯૯ થી સોગંદ ઉપર પુરાવો આપેલ છે અને સદરહુ સાહેદે સરતપાસમાં જણાવેલ છે કે તેમને પાંચ દિકરાઓ છે,જેમાં સૌથી મોટા ભાઇનું નામ સિધિક છે,જે મૃત્યુ પામેલ છે,બીજાનો નામ સિકંદર છે તેમજ તેનાં પછી તેઓ છે અને ત્યારબાદ શફીર,રશીદ અને હમીદ છે.વધુમાં જણાવેલ છે કે બનાવની તારીખ તેમને યાદ નથી પરંતુ તે સમયે રમજાન માસ હતુ અને ત્યારે રાત્રીનાં આશરે અગીયારેક વાગ્યે રહેમત મસ્જીદ જે તેમના ઘરની બાજુમાં આવેલ છે ત્યાં બનાવ બનેલો.વધુમાં જણાવેલ છે કે બનાવ વખતે રહેમત મસ્જીદ બાજુ રાડારાડ અને ઝઘડાનો અવાજ થતા તેઓ,સફીર,તેમના ભાઇઓ તથા તેમના બીજા દિકરાઓ તથા તેમની વહુ અમીના સીધીક બધા દોડીને મસ્જીદ બાજુમાં રસ્તો છે ત્યાં રસ્તા ઉપર આવી ગયેલા અને ત્યાં જઇને જોતા જાકબ સાંધનાં હાથમાં છરી હતી,સાલેમામદનાં હાથમાં છરી હતી,ગુલામ,અબ્દ્રેમાન તથા કાસમનાં હાથમાં ધોકા હતા.વધુમાં જણાવેલ છે કે ત્યાં તેમના દિકરાનાં કાકાઇ ભાઇ અઝીજ જુણેજા તથા તેમનો દિકરો સિધિક તથા તેમના કુટુંબી રજબઅલી જુણેજા સાથે બોલાચાલી કરી ગાળાગાળી કરતા હતા.આ તમામ

લોકો ઉશ્કેરાઇ જઇ મારા દિકરા સિધિક તથા અઝીજ,રજબઅલી તથા તેમના પતિ ઓસમાણ ઉપર પોતાના હાથમાં રહેલ હથિયારથી મારવા લાગેલા,આ દરમિયાન તેમના દિકરા સિધિકને કાસમ,જાકબ સાંધ,અબ્દ્રેમાને અને સાલેમામદે પકડી રાખેલ અને આ દરમિયાન સાલેમામદે પોતાના હાથમાંની છરીથી તેમના દિકરાને જમણી બાજુએ કમરનાં પાછળનાં ભાગે છરી મારેલી અને તેઓ તથા તેમનો દિકરો સફીર તથા તેમની વહુ અમીનાબાઇ વચ્ચે છોડાવવા પડતા તેઓ બધાને પણ મુંઢમાર ઇજાઓ કરેલી,આ દરમિયાન તેમનો દિકરો નીચે પડી ગયેલો તેને બહુ લોહી નીકળતુ હતુ અને તે નીચે ઢળી પડેલો જેથી તેઓ,તેમનો દિકરો સફીર તથા તેમની વહુએ ટીંગાટોડી કરી બાજુમાં જે અલીમામદ જુણેજાનો ઘર છે ત્યાં આંગણામાં લઇ ગયેલા અને ત્યાં તેમનો દિકરો સિધિક બેભાન થઇ ગયેલો એવામાં કોઇકે ફોન કરતા ૧૦૮ એમ્બ્યુલન્સ ત્યાં આવી ગયેલી અને સફીર,તથા તેમના દિકરા રશીદ, હમીદ તથા તેમના કાકાઇ ભાઇ જાકબ મળી તેમના દિકરા સિધિક તથા અઝીજ જુણેજા અને રજબઅલી ફકીરમામદને ૧૦૮ એમ્બ્યુલન્સમાં મુન્દ્રા સરકારી હોસ્પિટલ સારવાર માટે લઇ ગયેલા અને ત્યાં તેમના દિકરા સિધિકને ડોકટરે તપાસી જણાવેલ કે તે મરણ ગયેલ છે.વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ તેમના દિકરા સિધિકનો પોસ્ટમોર્ટમ કરી તેઓને લાશ સોંપતા તેને ઘરે લઇ જઇ તેની દફનવિધી કરેલી.વધુમાં જણાવેલ છે કે બનાવનું કારણ એ છે કે તેમના દિકરા અઝીજને અબ્દ્રેમાનની ઘરવાળી સાથે ઝઘડો થયેલ હતો તેનું મનદુઃખ હતુ તેમજ બનાવનાં એક દિવસ આગળ રાત્રીનાં નાના છોકરાઓ મસ્જિદ પાસે ગાળો બોલતા હતા ત્યારે તેમના નાના દિકરા હમીદે ગાળો બોલતા ઠપકો આપેલ,જેનું મનદુઃખ રાખી હાલનો આ બનાવ બનેલ, જેમાં તેમના દિકરા સિધિકનું મરણ થયેલ છે અને તેમના દિકરાનાં કાકાઇ ભાઇ અઝીજ તથા રજબઅલીને ઇજાઓ થયેલ છે.વધુમાં જણાવેલ છે કે તેમના દિકરાનાં કાકાઇ ભાઇ અજીઝને ડાબી આંખનાં ઉપરનાં ભાગે છરી વડે ઇજા થયેલી અને આ ઇજા જાકબ આમદ સાંધે પહોંચાડેલી.વધુમાં તેઓને

જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૧૮,૨૦ અને ૨૪ વાળી લાકડી તથા ૨૨ અને ૨૫ વાળી છરી બતાવતા તે આરોપીઓનાં હાથમાં હતી તે તેજ છે.વધુમાં જણાવેલ છે કે આરોપીઓને ઓળખે છે અને આરોપી નં.(૩) ને ઓળખી બતાવે છે તેમજ અન્ય આરોપીઓ હાજર હોય તો ઓળખી બતાવે.

(૨૯.૧) સદરહુ સાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે તેઓની સાડાઉ ગામમાં બે અલગ અલગ જમાતો છે અને આ બે જમાતોની અલગ અલગ મસ્જીદો છે.તે વાત કબુલ કરેલ છે કે જુણેજાની મસ્જીદ ગામની પિશ્ચમ તરફ અને સાંધ જમાતની મસ્જીદ પુર્વ બાજુએ આવેલી છે.તે વાત કબુલ કરેલ છે કે તેમનો વાસ ગામની પિશ્ચમ તરફ તથા સાંધનો વાસ ગામની પુર્વ તરફ આવેલ છે.વધુમાં જણાવેલ છે કે આ બન્ને મસ્જીદો અને વાસ વચ્ચે અડધાથી પોણા કિ.મી.નું અંતર છે.તે વાત કબુલ કરેલ છે કે તેમના મુસ્લીમ ધર્મ મુજબ દિવસમાં પાંચ વખત નમાજ પઢવાની હોય છે.તે વાત કબુલ કરેલ છે કે રમજાન હોય તો પણ પાંચ  જ વખત નમાજ પઢવાની હોય છે.તે વાત કબુલ કરેલ છે કે પહેલી નમાજ સવારનાં પાંચ વાગ્યે હોય,બીજી નમાજ દોઢ વાગ્યે ત્રીજી નમાજ સાડા ચારથી પાંચનાં ગાળામાં હોય અને ચોથી નમાજ દિવસ આથમે ત્યારે હોય અને પાંચમી નમાજ રાત્રીનાં સાડા આઠ નવની આજુબાજુ હોય છે.વધુમાં તેઓને પુછવામાં આવેલ છે કે નમાજ પઢવામાં સામાન્યરીતે પંદરથી વીસ મિનીટ લાગે છે ? તેનાં જવાબમાં જણાવેલ છે કે રમજાનમાં રાત્રે જે છેલ્લી નમાજ હોય છે તેમાં એક કલાકથી માંડીને એક કલાક વીસ મિનીટ જેવુ લાગે. વધુમાં જણાવેલ છે કે તેમને એ વાતની ખબર નથી કે તેમના મરણ જનાર દિકરા તથા ઉપરોકત વ્યકિતઓ વિરૂધ્ધ કેસ પણ થયેલો તેમજ તેઓની ધરપકડ પણ થયેલી અને હાલે આ કોર્ટમાં તે કેસ પેન્ડીંગ પણ છે.તે વાત કબુલ કરેલ છે કે દરેક જમાતનાં મોલાના અલગ અલગ હોય અને પોતાનીરીતે નમાજ પઢાવે છે.તે વાત કબુલ કરેલ છે કે તેમના ઘરો દિવાલવાળા તથા દરવાજાથી પેક છે.વધુમાં પુછવામાં આવેલ છે કે

સમાન્યરીતે ઘરની બેન દિકરીઓ કામ કરતી કે હરતી ફરતી કોઇ રસ્તે ચાલતો માણસ જોઇ ના શકે તેથી ઘરની દિવાલ તે મુજબ ઉંચી રાખવામાં આવે છે અને તમારા ઘરની દિવાલ પણ જોઇ ન શકાય એટલી ઉંચી છે ? તેનાં જવાબમાં જણાવે છે કે આ વાત ખોટી છે અને તેમના ઘરની દિવાલ બહારથી સાડા છ ફુટ લાગે અને અંદરથી ચાર ફુટ જેવી છે તેથી તેમના ઘરમાં ઉભા થવાથી બધુ દેખાય છે.તે વાત કબુલ કરેલ છે કે તેમના ઘરથી આગળ બીજા ચાર થી પાંચ ધરો આવેલા છે.તે વાત કબુલ કરેલ છે કે તેમનો દિકરો સિધિક સેન્ટ્રીંગનાં કામે જતો હતો.તે વાત કબુલ કરેલ છે કે ઝઘડો શરૂ થયેલો તે વખતે તેઓ ત્યાં હતા નહી અને ઝઘડો શરૂ થતી વખતે તેઓ ત્યાં હાજર ન હોવાથી કોણે કરેલો તે તેઓ કહી શકે નહી.તે વાત કબુલ કરેલ છે કે તેઓ જયારે પહોંચ્યા ત્યારે તેમના કુટુંબનાં જ માણસો હતા,તેઓ જણાવે છે કે આરોપીઓ મારીને ભાગી ગયા.વધુમાં જણાવેલ છે કે તેમને પોલીસ કયારે પુછપરછ કરેલી તે હાલે તેમને યાદ નથી. પોલીસે તેમની પુછપરછ પોલીસ સ્ટેશનમાં કરેલી.વધુમાં જણાવેલ છે કે પોલીસે પુછપરછ માટે તેમને કયારે બોલાવેલો તે તેઓ કહી શકે નહી.તે વાત કબુલ કરેલ છે કે તેમના દિકરાવાળો બનાવ બનેલ ત્યારબાદ તેમના અને આરોપીઓનાં સમાજ વચ્ચે અલગ અલગ જુથ પડી ગયા.તે વાત કબુલ કરેલ છે કે આરોપીઓ તેમના ગામનાં હોઇ ઓળખે છે.

**<u>પોલીસ સાહેદોનો પુરાવો</u>**

(૩૦) ફરિયાદપક્ષે સાહેદ કનૈયાલાલ રામજીભાઇ ફફલે આંક:-૧૮૪ થી સોગંદ ઉપર પુરાવો આપેલ છે.સદરહુ સાહેદે સોગંદ પરની સરતપાસમાં જણાવેલ છે કે તા:-૨૫/૦૬/૨૦૧૫ નાં રોજ તેઓ મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ.તરીકે તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે કલાક ૧.૩૦ વાગ્યે પી.એસ.આઇ.શ્રી કે.બી.ઝાલાનાઓની રૂબરૂની લીધેલ વિગતવારની ફરિયાદ ગુન્હો દાખલ કરવા તેમની તરફ યાદી સાથે મોકલવાતા મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૮/૨૦૧૫ આઇ.પી.સી.

કલમ–૩૦૨ વિગેરે મુજબનો ગુન્હો દાખલ કરી પોલીસ સ્ટેશનમાં નિભાવવામાં આવતા સી.આર.પી.સી.કલમ–૧૫૪ નાં ફોર્મમાં તેમના હસ્તાક્ષરમાં ઉતારો કરી,આગળની તપાસ પી.એસ.આઇ.શ્રી કે.બી.ઝાલા સાહેબને ડેપ્યુટ કરેલ.વધુમાં તેઓને જુબાની દરમિયાન આંક:–૯૩ વાળી ફરિયાદ બતાવતા તે તેમણે ગુન્હો દાખલ કરેલ તે ફરિયાદ છે તેમ જણાવેલ છે અને તેની સાથે સી.આર.પી.સી.કલ્મ–૧૫૪ નો ફોર્મ તેમણે જે ઉતારો કરેલ તે છે,તેમાં પી.એસ.ઓ.તરીકે તેમની સહી ઓળખી બતાવે છે.વધુમાં જણાવેલ છે કે અસલ ફરિયાદ તુરંત નામદાર અદાલતમાં મોકલી આપેલ. વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ તા:–૨૮/૦૬/૨૦૧૫ નાં રોજ તેઓ પી.એસ.ઓ.તરીકે મુન્દ્રા મરીન પોલીસ સ્ટેશનમાં હાજર હતા દરમિયાન પોલીસ કોન્સટેબલ શ્રી,મુન્દ્રા પોલીસ સ્ટેશનવાળાઓએ મેડીકલ ઓફીસર શ્રી,મુન્દ્રાનાં ડોકટર શ્રી જે.એ.ધુઆએ મરણ જનાર તથા સાહેદો અને આરોપીઓનાં લીધેલ બ્લ્ડ સેમ્પલ મોકલાવતા પંચનામાની વિગતે કબ્જે કરેલ.વધુમાં તેઓને જુબાની દરમિયાન આંક:–૧૪૮ વાળુ પંચનામુ બતાવતા તે તેઓએ પંચોનાં લખાવ્યા મુજબનું લખી લીધેલ,તેમાં બન્ને પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે.વધુમાં તેઓને જુબાની દરમિયાન મુદામાલ આર્ટીકલ નં.૨૬ મરણ જનારનાં બ્લડ સેમ્પલ તથા આર્ટીકલ નં.૨૭,૨૮ વાળા ઈજા પામનારનાં બ્લડ સેમ્પલો અને આર્ટીકલ નં.૨૯ થી ૩૩ આરોપીઓનાં બ્લડ સેમ્પલો બતાવતા તે તેજ છે,જે તેઓએ પંચનામાની વિગતે કબ્જે કરેલ તેમ જણાવેલ છે.

(૩૦.૧) સદરહુ સાહેદની આરોપીઓનાં વિ.વકીલ શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ લક્ષમાં લેતાં તે વાત કબુલ કરેલ છે કે તેઓએ સી. આર. પી.સી. કલમ–૧૫૪ નાં ફોર્મમાં ઉતારો કર્યા સિવાય ફરિયાદ અંગેની બીજી કોઇ જાતમાહિતી નથી.

(૩૧) આ કામનાં ફરિયાદી ઓસમાણ અયુબ જણેજા આંક:–૯૨ થી

પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરે છે તેમજ મુખ્યત્વે એવુ જણાવે છે કે બનાવ વખતે રાત્રીનાં ૧૧.૦૦ વાગ્યે તેઓ તથા તેમનો દિકરો સિધિક તથા ભત્રીજો અઝીજ તેમજ બીજો ભત્રીજો રજબઅલી નમાજ પઢવા ગયેલા અને બહાર નીકળતા આરોપીઓ ઉભા હતા અને જાકબનાં હાથમાં છરી હતી,સાલેમામદનાં હાથમાં છરી હતી,અબ્દ્રેમાન અલીમામદનાં હાથમાં ધોકો હતો,કાસમ આમદનાં હાથમાં ધોકો હતો અને ગુલામ આમદનાં હાથમાં પણ ધોકો હતો.જાકબે અમો બધાને ગાળો બોલીને મારવા તુટી પડેલ અને કહેલ કે,'' આજે કોઈપણ જીવતો જવો ન જોઈએ અને જાકબે મારા ભત્રીજા અઝીજને આંખની ઉપરનાં ભાગે છરીનો ઘા મારેલો. જયારે સિધિક બનાવ સ્થળથી ભાગતો હતો ત્યારે અબ્દ્રેમાન અલીમામદ, જાકબ આમદ અને કાસમ આમદ એમ ત્રણેય જણાંએ તેમના દિકરા સિધિકને પકડી રાખેલ અને સાલેમામદ અલીમામદે કમરથી ઉપરનાં ભાગે છરીનો ઘા મારેલો અને રાડારાડ થતા સિધિકની ઘરવાળી તથા મારી ઘરવાળી શકીનાબાઈ પણ આવી ગયેલ.આમ આ સાહેદની જુબાની જોતાં તેઓ બનાવ વખતે હાજર હતા તેવુ માની લેવામાં આવે તો પણ તેઓની પત્ની તથા ગુજરનાર સિધિકની પત્ની બનાવ દરમિયાન અથવા બનાવ બાદ સ્થળ ઉપર આવેલાનું જણાઈ આવે છે.જયારે આંક:-૨૯૯ થી શકીનાબાઈ ઓસમાણ જુણેજા કે જેઓ ફરિયાદીનાં પત્ની અને મરણ જનાર સિધિકનાં માતૃશ્રી થાય છે,તેઓ પોતાની સરતપાસમાં બનાવ સ્થળે બનાવ વખતે પ્રથમથીજ હાજર હોવાનું જણાવે છે પરંતુ બચાવપક્ષની ઉલટ તપાસ દરમિયાન આ સાહેદ એવુ કબુલ રાખે છે કે ઝઘડો શરૂ થયેલ તે વખતે તેણી ત્યાં ન હતી તેમજ ઝઘડો શરૂ થતી વખતે તેણી ત્યાં હાજર ન હોવાથી કોણે શરૂ કરેલુ,તે કહી શકે નહી તેમજ એવુ પણ કબુલ રાખે છે કે તેણી જયારે પહોંચી ત્યારે તેનાં કુટુંબનાં માણસો ત્યાં હાજર હતા.આમ આ સાહેદની જુબાની જોતા તેણી બનાવ બાદ સ્થળ ઉપર પહોંચેલ હોય તેવુ જણાઈ આવે છે.

(૩૨) તેજરીતે આંક:-૨૭૨ થી સોદ સફીર ઓસમાણ જુણેજા કે જેઓ ફરિયાદીનાં દિકારા તેમજ મરણ જનાર સિધિકનો ભાઇ થાય છે,તેઓ પણ પોતાની સરતપાસમાં ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરે છે અને બનાવ વખતે હાજર હોવાનું જણાવે છે પરંતુ ઉલટ તપાસમાં એવુ કબુલ રાખેલ છે કે ઝઘડો શરૂ થતી વખતે તેઓ ત્યાં હાજર ન હતા અને તેઓ હાજર ન હોવાથી ઝઘડો કોણે શરૂ કરેલો તે કહી શકે નહી.વધુમાં આંક:-૧૬૧ વાળા સાહેદ રજબઅલી ફકીરમામદ જુણેજા તેમજ આંક:-૧૬૩ અઝીજ હાજી જુણેજા કે જેઓ ફરિયાદપક્ષનાં કેસ મુજબ ઈજા પામનાર સાહેદો છે તેમજ ફરિયાદીનાં ભત્રીજા થાય છે,તેઓ પોતાની જુબાનીમાં ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરતા નથી અને બનાવમાં શું બનેલુ તેની ખબર નથી અને તેઓ બનાવનાં આગળનાં દિવસે પડી જવાથી તેઓને ઈજા થયેલી છે તેમજ આરોપીઓ તેમના ગામના હોવાથી ઓળખે છે તેમજ બનાવમાં તેમના કાકાના દિકરા સિધિકને કોઇએ માર મારેલ હોય અને તેઓ વચ્ચે છોડાવવા ગયેલ હોય અને આવી કોઇ મારામારીમાં સિધિકનું મરણ થયેલ હોય એવુ બનેલ નથી,તેવી હકીકત જણાવે છે તેમજ વળી, બચાવપક્ષની ઉલટ તપાસ દરમિયાન એવુ જણાવે છે કે સિધિકને તેનાં પિતા દવાખાને લઇ ગયેલા અને ત્યાં તેઓને મળેલ હતા અને ત્યાં ઓસમાણભાઇએ એવુ જણાવેલુ કે,'' સિધિક બાઇક લઈને આવતો હતો ત્યારે તે સેન્ટીંગવાળી જગ્યા જયાં મકાનનું કામ ચાલતુ હતુ ત્યાં પડી જતા તેને પેટમાં પટ્ટી વાગેલ છે તેમજ તેમના કાકા ઓસમાણભાઇએ તેઓની હાજરીમાં પોલીસને એવુ જણાવેલ કે સિધિકને પેટમાં પટ્ટી વાગી ગયેલ હોઈ તેને ઈજા થયેલી છે.વધુમાં એવુ પણ કબુલ રાખે છે કે તેમના કાકાઇ ભાઈ સિધિકને કોઇએ છરી મારેલ હોય અને મૃત્યુ થયેલ હોય તેવુ બનેલ નથી તેમજ તેઓ બન્નેને પણ પડી જવાથી ઈજા થયેલ છે.આમ જયારે ખુદ ઈજા પામનાર સાહેદો પોતાની સોગંદ પરની જુબાનીમાં તેઓને પડી જવાથી ઈજા થયેલાનું જણાવતા હોય તેમજ સિધિકને પણ પેટમાં પટ્ટી વાગવાથી ઈજા થવાથી મૃત્યુ થયેલાનું જણાવતા હોય અને આ

સાહેદો મરણ જનારનાં કાકાઇ ભાઇઓ થતા હોય તે સંજોગોમાં આ સાહેદોની જુબાનીને પણ નજરઅંદાજ કરી શકાય નહી.

(૩૩) જો કે આ કામે આંક:-૧૭૧ થી ડો.જુખભાઇ અચુભાઇ ધુઆ પોતાની સરતપાસમાં તેઓએ સિધિક ઓસમાણ જુણેજાની લાશનું તા:-૨૫/૦૬/૨૦૧૫ નાં રોજ સવારે ૮.૦૦ થી ૧૦.૩૦ દરમિયાન પોસ્ટમોર્ટમ કરેલાનું તેમજ સિધિકને શરીર ઉપર ઇન્સાઇઝ વુન્ડ ૨.૫ x ૫ સે.મી.આડો ઘા હતો,જે પીઠ પર જમણી સાઇડે ૬ ઇંચ ઉપર હતો અને ૩ ઇંચ સ્પાઇનની બહાર બાજુ જે ૫ ઇંચ ઉંડો ઘા હતો તેમજ સદરહુ ઇજા મૃત્યુ પહેલાની હતી તેમજ મૃત્યુનું કારણ સ્ટેબ ઇન્જરીનાં કારણે ખુબજ પ્રમાણમાં લોહી વહી જતા શોકમાં જતા મરણ થયેલ હશે તેવું જણાવે છે તેમજ તેઓએ આજ દિવસે ઇજા પામનાર અઝીજ તેમજ ઇજા પામનાર રજબઅલીની સારવાર કરેલાનું પણ જણાવે છે તેમજ તેઓએ ઇજા પામનાર આરોપીઓ કાસમ આમદ અને જાકબ આમદ સાંધની પણ સારવાર કરેલી તેમજ આરોપીઓનાં બ્લડ સેમ્પલ પણ લીધેલા.બચાવપક્ષની ઉલટ તપાસ દરમિયાન આ સાહેદ કબુલ રાખે છે કે લાશ ઉપર જે આંતરિક ઇજા હતી તે બાહય ઇજાને આનુસંગિક ઇજા હતી. તેઓ મુદામાલ હથિયારો પ્રથમ વખત કોર્ટમાં જોય છે.પોલીસે તેઓનો અભિપ્રાય મુદામાલ હથિયારો બતાવીને મેળવેલ નથી તેમજ ઇજા પામનાર રજબઅલી અને અઝીજને ઇજા કઇ જગ્યાએ કેટલા વાગ્યે અને કોણે કેરલી તેવી હકીકત તેઓએ હિસ્ટ્રીમાં જણાવેલ નથી.

(૩૪) આમ ફરિયાદક્ષ તરફથી રજુ થયેલ તબીબી પુરાવો માની લેવામાં આવે તો પણ આ કામે મરણ જનાર સિધિક સ્ટેબ ઇન્જરીનાં કારણે ખુબજ પ્રમાણમાં લોહી વહી જવાથી તેનું મરણ થયેલ હોવાનું તેમજ અન્ય સાહેદોને ઇજા થયેલ હોવાનું પુરવાર થાય છે પરંતુ આ ઇજાઓ હાલનાં આરોપીઓએ જ પહોંચાડેલ હોય તેવું પુરવાર થતુ નથી કારણકે ફરિયાદી

તથા તેનાં પત્ની સિધિકને અમુક આરોપીઓએ પકડી રાખેલ અને સાલેમામદે જમણી બાજુએ કમરનાં ભાગે છરી મારેલાનું જણાવે છે પરંતુ ઈજા પામનાર બન્ને સાહેદો આ સિધિકને સેન્ટીંગનાં કામથી પરત આવતી વખતે બાઈક પરથી પડી જવાથી તેની નીચે પડેલ લોખંડની પટ્ટી પેટમાં લાગતા તેને ઈજા થયાનું જણાવે છે તેમજ ઈજા પામનાર સાહેદો પણ મરણ જનાર સિધિકનાં કાકાઈ ભાઈ થતા હોઈ તેથી તેઓની જુબાની પણ નજરઅંદાજ કરી શકાય નહી.તે સંજોગોમાં The principle that **when two views are possible on the evidence, the view favourable to the accused should be adopted** is a settled principle of criminal jurisprudence. Some recent and authoritative citations are:

1. **Babu Sahebgouda Rudragoudar v. State of Karnataka**
   The Supreme Court reiterated that if two views are reasonably possible on the evidence—one pointing towards guilt and the other towards innocence—the view favourable to the accused must be accepted, as the accused is entitled to benefit of doubt.
2. **Vijay Kumar v. State of Rajasthan**
   The Court again held that in criminal cases the prosecution must prove guilt beyond reasonable doubt and where the evidence admits two possible interpretations, the one favouring the accused has to be preferred.
3. **Kali Ram v. State of Himachal Pradesh** (leading authority)
   The Supreme Court observed that if there is a reasonable doubt in the mind of the court and two views are possible, the view favourable to the accused should be adopted. The accused is presumed innocent until proved guilty.

A commonly used proposition for judgment writing is:

> "It is a settled principle of criminal law that if two views are possible on the evidence adduced by the prosecution, one pointing towards the guilt of the accused and the other towards his innocence, the view favourable to the accused must be accepted. The accused is entitled to the benefit of reasonable doubt."

(૩૫) આમ આ કામે ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ મૌખિક પુરાવામાં બે પ્રકારનાં પુરાવા રેકર્ડ પર આવેલ છે કારણકે આ કામે આંક:-૯૨ થી ફરિયાદી ઓસમાણ જુણેજા,આંક:-૨૭૨ થી સાહેદ નં.૧૯ સફીર ઓસમાણ તથા આંક:-૨૯૯ થી સાહેદ નં.(૨૦) શકીનાબાઇ જુણેજા પોતાની સોગંદ પરની જુબાનીમાં આરોપીઓ પૈકી કાસમ, જાકબ સાંઘ અને અબ્દ્રેમાન અને સાલેમામદે સિધિકને પકડી રાખેલ તેમજ સાલેમામદે પોતાના હાથમાંની છરી સિધિકને જમણી બાજુ કમરનાં પાછળનાં ભાગે મારેલી તેમજ આરોપીઓએ અઝીજ તથા રજબઅલી તથા ફરિયાદીને પણ હથિયારથી ઈજાઓ કરેલી.

(૩૬) જયારે આ કામે ખુદ ઈજા પામનાર સાહેદો કે જેઓ ફરિયાદપક્ષનાં મહત્વનાં સાહેદો છે તેમજ ફરિયાદી તથા મરણ જનારનાં સગા થાય છે.તેઓ ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરતા નથી જેમકે આંક:-૧૬૧ થી ઈજા પામનાર સાહેદ રજબઅલી તેમજ આંક:-૧૬૩ થી ઈજા પામનાર સાહેદ અઝીજ હાજી જુણેજા પોતાની સોગંદ પરની જુબાનીમાં બનાવમાં શું બનેલ તેની ખબર નથી.બનાવમાં આગલા દિવસે તેઓ પડી જવાથી ઈજા થયેલી,સિધિકને કોઇએ માર મોરલ હોય અને તેઓ વચ્ચે પડેલ હોય તેવુ બનેલ નથી તેમજ મારામારીમાં સિધિક મરણ ગયેલ હોય તેવું બનેલ નથી. વળી, સાહેદ અજીઝને પણ આ બનાવમાં કોઇ ઈજા થયેલ હોય તેવું બનેલ નથી તેવું જણાવે છે.વળી આ બન્ને સાહેદો પોતાની ઉલટ તપાસ દરમિયાન તે વાત કબુલ કરેલ છે કે સિધિકને તેનાં પિતા દવાખાને લઇ ગયેલા અને તેઓ તેને ત્યાં મળ્યા હતા.તે વાત કબુલ કરેલ છે કે તેમને આ સમયે તેમના કાકા ઓસમાણભાઇએ એવુ જણાવેલ કે,સિધિક બાઇક લઇને આવતો હતો ત્યારે તે સેન્ટીંગવાળી જગ્યા જયાં મકાનનું કામ ચાલુ હતુ ત્યાં પડી જતા,તેને પેટમાં પટ્ટી વાગેલ છે.તે વાત કબુલ કરેલ છે કે તેમના કાકા ઓસમાણભાઇએ તેમની હાજરીમાં પોલીસને પણ એવુ જણાવેલ કે,સિધિકને પેટમાં પટ્ટી વાગી

( N. P. Radia)
4th Addl. Sessions Judge, Bhuj

ગયેલ હોઇ તેને ઈજા થયેલ છે.તે વાત કબુલ કરેલ છે કે આ વાતચીત તા:- ૨૪/૦૬/૨૦૧૫ નાં રોજ રાત્રીનાં કલાક અગીયાર બાર વાગ્યે થઇ હતી.તે વાત કબુલ કરેલ છે કે તેમના કાકાઇ ભાઇ સિધિકનું મૃત્યુ પેટમાં પટ્ટી વાગવાનાં કારણે થયુ હતુ.

(૩૭) આમ કહેવાતા બનાવમાં જે સાહેદોને ઈજા થયેલ છે તેમજ ફરિયાદપક્ષનાં સ્ટાર વિટનેશ છે તેઓ ફરિયાદપક્ષનાં કેસને સમર્થન કરતા નથજી અને બનાવમાં તેઓને કોઇએ ઈજા કરેલ હોય કે સિધિકને આરોપીઓએ ઈજા કરી તેનું મૃતયુ નિપજાવેલ હોય તેવું બનેલ નથી,તેવી હકીકતો જણાવતા હોય તેમજ સિધિક બાઇક લઇને આવતાો હતો અને મકાન બનતુ હતુ ત્યાં સેન્ટીંગવાળી જગ્યામાં પડી જવાથી પેટમાં પટ્ટી વાગવાથી ઈજા થવાથી તેનું મૃત્યુ થયાનું જણાવતા હોય તે સંજોગોમાં જયારે બે પ્રકારનાં પુરાવા રેકર્ડ પર આવતા હોય ત્યારે જે પુરાવો આરોપીઓની નિર્દોષતા તરફ અંગુલી નિર્દેશ કરતો હોય તે ધ્યાને લેવો જોઇએ.

(૩૮) આમ ફરિયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઇ મુદા નં.(૨) પરત્વેનો મારો નિર્ણય **નકારમાં** આપી મુદા નં.(૩) પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરું છું.

**::- <u>હુકમ</u> ::-**

(૧) સદરહુ કામનાં આરોપીઓ નં.**(૧) સાલેમામદ અલીમામદ સાંધ,**ઉ.વ.૬૦,ધંધો-મજુરી,**(૨) અબ્દ્રેમાન અલીમામદ સાંધ,** ઉ.વ.૪૦, ધંધો-રીક્ષા ડ્રાઈવીંગ **(૩) ગુલામ આદમ અબ્દુલા સાંધ,**ઉ.વ.૩૧,ધંધો-મજુરી અને **(૫) કાસમ આમદ સાંધ,**ઉ.વ.૩૧,ધંધો-મજુરી,રહે.બધા ગામ-સાડાઉ,તા.મુન્દ્રા-કચ્છ.નાંઓને ફોજદારી કાર્ય સંહિતાની કલમ-૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨,૧૪૩, ૧૪૭, ૧૪૮,

૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપી નં.(૪) નું ચાલતા કામે અવસાન થયેલ હોઇ એબેટ કરવામાં આવેલ છે.

(૩) આ કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(ક) ની જોગવાઇ અન્વયે દરેક આરોપીએ **રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)** નાં સધ્ધર જામીન અપીલ પિરીયેડ ૬(છ) માસનાં સમયગાળા માટેનાં આપવા.

(૩) આ કામે કબ્જે કરવામાં આવેલ તમામ મુદામાલ બિનકિંમતી હોઇ અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા:–૨૯ માહે જુલાઇ સને ૨૦૨૬ નાં રોજ મારી સહી કરીને ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સહી/–

તા:–૨૯/૭/૨૦૨૬ **(એન.પી.રાડીઆ)**

ભુજ–કચ્છ. ચોથા અધિક સેશન્સ જજ

ભુજ–કચ્છ.

GJ00621

***KPT***